dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 317 | AD - 2024, Shravan Vad - 1 | Tuesday, Dt.20-08-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ડોકટરો પોતાની સુરક્ષાને લઈ માંગ કરી રહ્યા છે, તેઓ આ માટે નવો કાયદો ઈચ્છી રહ્યા છે

# કોલકાતા પોલીસના અધિકારીઓ સહિત ૨૦ લોકોની પૂછપરછ કરતી સીબીઆઈ

## હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની પણ પૂછપરછ કરવામાં આવી

(એ.આર.એલ),કોલકાતા,તા.૧૯

કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં સીબીઆઈ તપાસ ચાલી રહી છે. તે જ સમયે, ડોકટરો તેમની સુરક્ષાને લઈને માંગ કરી રહ્યા છે. તેઓ આ માટે નવો કાયદો ઈચ્છે છે અને પદ્મ પુરસ્કાર મેળવનાર ૭૦ ડોક્ટરોએ પીએમ મોદીને પત્ર લખ્યો છે. આ દરમિયાન સીબીઆઈએ આરજી કાર હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની પૂછપરછ કરી હતી અને આરોપીનો મનોવૈજ્ઞાનિક ટેસ્ટ પણ કરાવ્યો હતો. સંજય રાયનું આજે ફરી મનોવૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવશે. આ ટેસ્ટનો પ્રથમ તબક્કો થઈ ગયો છે. સીબીઆઈએ કોલકાતા પોલીસના કેટલાક અધિકારીઓ સહિત ૨૦ થી વધુ લોકોની પૂછપરછ કરી છે. સીબીઆઈએ ઘટના સ્થળનું ૩ડી મેપિંગ કર્યું છે અને ત્રીજા દિવસે આરજી કાર કોલેજના પૂર્વ પ્રિન્સિપાલની પૂછપરછ કરી છે. સીબીઆઈ દ્વારા સંદીપ ઘોષની ૧૦ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. અત્યાર સુધી સંદીપ ઘોષની ૩૬ કલાક પૂછપરછ કરવામાં આવી છે. તેની કોલ ડિટેઈલ અને ચેટની પણ તપાસ કરવામાં આવી છે.

સીબીઆઈના એક અધિકારીએ જણાવ્યું કે ઘોષ, જેઓ સતત ત્રીજા દિવસે સીબીઆઈ અધિકારીઓ સમક્ષ હાજર થયા હતા, તેમને હોસ્પિટલમાં ઘટના પહેલા અને પછી કરવામાં આવેલા ફોન કોલ્સની વિગતો આપવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે અધિકારીઓ ઘોષની કોલ ડિટેઈલ અને ડેટા વપરાશની માહિતી મેળવવા મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડરનો સંપર્ક કરવા વિચારી રહ્યા છે. સીબીઆઈએ શનિવારે મોડી રાત સુધી ઘોષની લગભગ ૧૩ કલાક પૂછપરછ કરી હતી. ઘોષ રવિવારે સવારે ૧૧ વાગ્યે ફરીથી સોલ્ટ લેકના CGO કોમ્પ્લેક્સમાં સીબીઆઇ ઓફિસ પહોંચ્યા.



"અમારી પાસે તેમને પૂછવા માટે પ્રશ્નોની સૂચિ છે," સીબીઆઈ અધિકારીએ જણાવ્યું હતું કે, ઘોષને ડોક્ટરના મૃત્યુના સમાચાર મળ્યા પછી તેમની ભૂમિકા સ્પષ્ટ કરવા કહેવામાં આવ્યું છે, તેમણે કોનો સંપર્ક કર્યો હતો અને (પીડિતાના માતાપિતાને શા માટે રાહ જોવા માટે બનાવવામાં આવ્યા હતા? લગભગ ત્રણ કલાક? અધિકારીના જણાવ્યા મુજબ, ભૂતપૂર્વ પ્રિન્સિપાલને પણ પૂછવામાં આવ્યું હતું કે ઘટના પછી હોસ્પિટલના ઈમરજન્સી બિલ્ડિંગના સેમિનાર રૂમની નજીકના રૂમના સમારકામનો આદેશ કોણે આપ્યો હતો. "અમે એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે શું આ ગુના પાછળ કોઈ કાવતરું હતું કે શું તે અગાઉથી આયોજન કરવામાં આવ્યું હતું," તેમણે કહ્યું. પ્રિન્સિપાલ શું કરી રહ્યા હતા અને શું તેઓ આ ઘટનામાં કોઈ રીતે સામેલ હતા?

સીબીઆઈએ તેની તપાસના સંદર્ભમાં અત્યાર સુધીમાં કોલકાતા પોલીસના કેટલાક અધિકારીઓ સહિત ૨૦ થી વધુ લોકોની પૂછપરછ કરી છે. ઘોષે રવિવારે મોડી રાત્રે સોલ્ટ લેકમાં CGO કોમ્પ્લેક્સમાં સીબીઆઈ ઓફિસમાંથી બહાર નીકળતી વખતે મીડિયાના પ્રશ્નોના જવાબ આપવાનો ઈનકાર કર્યો હતો.કોલકાતા પોલીસે સોશિયલ મીડિયા પર ખોટી માહિતી પર તેની કાર્યવાહીને વધુ તીવ્ર બનાવી છે, જેની વિરોધ પક્ષે અસંમતિના અવાજને દબાવવાના પ્રયાસ તરીકે ટીકા કરી છે. કોલકાતા પોલીસે ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ સાંસદ ચેટરજી, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સુખેન્દુ શેખર રોય અને બે જાણીતા ડોક્ટરોને અફવાઓ ફેલાવવાના અને કેસમાં પીડિત મહિલા ડોક્ટરની ઓળખ છતી કરવાના આરોપસર સમન્સ જારી કર્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે આ લોકો સિવાય પોલીસે ઘટના વિશે ખોટી માહિતી ફેલાવવા બદલ અન્ય ૫૭ લોકોને પણ સમન્સ જારી કર્યા છે. તેમણે કહ્યું કે આ લોકો પર પીડિતાની ઓળખ છતી કરવાનો, અફવા ફેલાવવાનો અને ફેક ન્યૂઝ ફેલાવવાનો આરોપ છે.

હુગલી મતવિસ્તારના પૂર્વ ભાજપના સાંસદ ચેટરજીએ કહ્યું કે તેમને હજુ સુધી કોઈ સમન્સ મળ્યું નથી. તેમણે કહ્યું હતું કે, "તેઓએ કેસની તપાસ કરતી વખતે આ જ તત્પરતા દાખવી હોત તો સારું થાત. દરેક વ્યક્તિ છોકરી માટે ન્યાય ઈચ્છે છે." કોલકાતા પોલીસ કમિશનર વિનીત ગોયલે શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે ઘણી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે, જેના કારણે તેમની તપાસને અસર થઈ છે અને કાયદો અને વ્યવસ્થા માટે જોખમ ઊભું થયું છે. ૯ ઓગસ્ટે બનેલી ઘટનાના સંબંધમાં બીજા દિવસે એક નાગરિક સ્વયંસેવકની ધરપકડ કરવામાં આવી હતી.

### કોલકાતાની ઘટના હજુ શાંત પડી નથી ત્યાં

# મુરાદાબાદમાં નર્સને બંધક બનાવી ડોક્ટરે કર્યો બળાત્કાર

મુરાદાબાદ,તા.૧૯

ઠાકુરદ્વારાની એક ખાનગી હોસ્પિટલમાં ડોક્ટરે નર્સને બંધક બનાવીને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. રવિવારે સવારે નર્સ ઘરે પહોંચી અને પરિવારને ઘટનાની જાણ કરી. નર્સના પિતાની ફરિયાદના આધારે પોલીસે ડોક્ટર શાહનવાઝ, નર્સ મેહનાઝ અને વોર્ડબોય જુનૈદ વિરુદ્ધ ફરિયાદ નોંધી છે.

પોલીસે ડોક્ટર સહિત ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે. તમામની પૂછપરછ કરવામાં આવી છે. દિલારી પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગ્રામીણે પોલીસને ફરિયાદ આપી હતી અને જણાવ્યું હતું કે તેની ૨૦ વર્ષની પુત્રી ૧૦ મહિનાથી ઠાકુરદ્વારા-કાશીપુર રોડ પર સ્થિત હોસ્પિટલમાં નર્સ તરીકે કામ કરે છે. શનિવારે સાંજે ૭ વાગ્યાની આસપાસ તેમની પુત્રી ફરજ માટે હોસ્પિટલમાં ગઈ હતી. આરોપ છે કે ષડયંત્રના ભાગરૂપે હોસ્પિટલમાં તૈનાત નર્સ મેહનાઝે પુત્રીને કહ્યું કે ડોક્ટર શાહનવાઝે તેને પોતાના રૂમમાં બોલાવી છે. જ્યારે પુત્રીએ ડોક્ટર



પાસે જવાની ના પાડી ત્યારે વોર્ડબોય જુનૈદ અને મેહનાઝ તેને બળજબરીથી ડોક્ટર શાહનવાઝની હોસ્પિટલની ઉપરના રૂમમાં લઈ ગયા અને રૂમને બહારથી તાળું મારી દીધું. રાત્રે લગભગ ૧૨ વાગે ડોક્ટરે નર્સને બંધક બનાવીને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. તબીબે જ્ઞાતિવાદી શબ્દોનો ઉપયોગ કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ડોક્ટરે નર્સનો મોબાઈલ પણ પોતાના કબજામાં લઈ લીધો હતો. રવિવારે સવારે જ્યારે હોસ્પિટલની હેડ નર્સ આવી ત્યારે પીડિતાએ તેની ફરિયાદ કરી અને તેને ઘરે મોકલી દેવામાં આવી. પીડિતા ઘરે પહોંચી અને તેના પરિવારના સભ્યોને તેની આપવીતી જણાવી. પોલીસે રાજપુર કેસરિયાના રહેવાસી ડો. શાહનવાઝ, નર્સ મેહનાઝ અને વોર્ડબોય જુનૈદ વિરુદ્ધ બળાત્કાર, એસસી-એસટી એક્ટ અને અન્ય કલમો હેઠળ રિપોર્ટ નોંધ્યો છે.

# રાજ્યપાલના આદેશ બાદ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૧૯

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કર્ણાટક હાઈકોર્ટમાં અરજી કરી છે. તેમણે રાજ્યપાલ થાવરચંદ ગેહલોતના આદેશને પડકાર્યો છે, જેમાં કથિત મુડા કૌભાંડમાં તેમની સામે કેસ ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ મામલે કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. સિદ્ધારમૈયાનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, કર્ણાટકના રાજ્યપાલ દ્વારા આપવામાં આવેલ મંજૂરીનો આદેશ યોગ્ય નથી. રાજકીય કારણોસર રાજ્યમાં ચૂંટાયેલી સરકારને અસ્થિર કરવાનો આ એક નક્કર પ્રયાસ છે.

રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે તાજેતરમાં એમયુડીએ (મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી)ના કથિત જમીન કૌભાંડમાં મુખ્યમંત્રી સામે કેસ ચલાવવા માટે કેબિનેટનો અભિપ્રાય માંગ્યો હતો. જે બાદ ગુરુવારે મંત્રી પરિષદની બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યપાલને કારણ બતાવો નોટિસ પાછી ખેંચવાની સલાહ આપવામાં આવી હતી. મંત્રી પરિષદે પણ તેને બહુમતીથી ચૂંટાયેલી સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો.






# દેશમાં દર ૧૬ મિનિટે એક મહિલા સાથે રેપ થાય છે, એનસીઆરબીનો રિપોર્ટ

નવીદિલ્હી,તા.૧૯

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક મહિલા તાલીમાર્થી ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાની ઘટનાએ સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. ન્યાયની માંગણી સાથે જુનિયર તબીબોએ વિરોધ પ્રદર્શન કરી કામ બંધ કરી દીધું હતું. કલકત્તા હાઈકોર્ટે આ કેસ સીબીઆઈને ટ્રાન્સફર કરી દીધો છે. એનસીઆરબીના રિપોર્ટ અનુસાર, મહિલાઓ સામેના અપરાધિક કેસોમાં 'પતિ કે તેના સંબંધીઓ દ્વારા ક્રૂરતા', 'મહિલાઓનું અપહરણ અને બળજબરીથી લઈ જવા', 'મહિલાઓ પર હુમલા' 'બળાત્કાર' જેવા કેસો મોટો હિસ્સો ધરાવે છે. ૨૦૧૨ની દિલ્હીની ઘટનાની આસપાસના વર્ષોમાં, NCRBએ સમગ્ર ભારતમાં વાર્ષિક ૨૫,૦૦૦ જેટલા બળાત્કારના કેસ નોંધ્યા હતા. ત્યારથી ૨૦૧૬ માં લગભગ ૩૯,૦૦૦ કેસોની નોંધપાત્ર ટોચ સાથે, સંખ્યા સતત ૩૦,૦૦૦ ને વટાવી ગઈ છે. NCRBએ વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં દર ૧૬ મિનિટે એક મહિલા સાથે રેપ થાય છે, NCRBના આ રિપોર્ટથી ખળભળાટ મચી જવા પામ્યો છે.

# કેન્દ્રનું સોગંદનામુ : ટ્રિપલ તલાકનો કાયદો મુસ્લિમ મહિલાઓને ન્યાય આપી રહ્યો છે




(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

કેન્દ્ર સરકારે ટ્રિપલ તલાક કાયદાને લઈને દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ટ્રિપલ તલાક કાયદો મુસ્લિમ મહિલાઓને ન્યાય આપી રહ્યો છે. તે વિવાહિત મુસ્લિમ મહિલાઓના અધિકારોનું પણ રક્ષણ કરે છે. પોતાને સુન્ની વિદ્વાનોનું સંગઠન ગણાવતા કેરળના જમીઆતુલ ઉલેમાએ મુસ્લિમ મહિલા અધિનિયમ ૨૦૧૯ને ગેરબંધારણીય ગણાવતી અરજી દાખલ કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે જ્યારે સુપ્રીમ કોર્ટે ટ્રિપલ તલાકને અમાન્ય જાહેર કરી દીધો છે તો તેને ગુનો જાહેર ન કરવો જોઈએ.

કેન્દ્ર સરકારે આ અંગે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે. સરકારે કહ્યું કે ટ્રિપલ તલાકની પ્રથા મુસ્લિમ મહિલાઓ માટે ઘાતક છે અને તેમની સ્થિતિ દયનીય બનાવે છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૭ માં તેને અમાન્ય જાહેર કર્યા પછી માત્ર થોડા મુસ્લિમ સમુદાયોએ આ પ્રથાને માન્ય તરીકે સ્વીકારી છે. આ પછી પણ ટ્રિપલ તલાકના મામલા સંપૂર્ણપણે બંધ થયા નથી. સરકારે કહ્યું કે ટ્રિપલ તલાકનો ભોગ બનેલા લોકો પાસે પોલીસનો સંપર્ક કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. કાયદામાં શિક્ષાત્મક કાર્યવાહીની જોગવાઈના અભાવે પોલીસ કોઈ કાર્યવાહી કરી શકતી નથી. તેથી, આ કાયદામાં કડક જોગવાઈઓની જરૂર છે.

સરકારે દલીલ કરી હતી કે ૨૦૧૯નો કાયદો પરિણીત મુસ્લિમ મહિલાઓ માટે ન્યાય અને સમાનતાના મોટા બંધારણીય લક્ષ્યોને સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે.







# અમરેલીના પીઠવાજાળ ગામે મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમ સંપન્ન

અમરેલી,તા.૧૯

અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામે નાગેશ્વર મહાદેવ મંદિર ખાતે પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ત્રણ દિવસથી ચાલી રહેલા આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. વિશ્વેશભાઈ દવેના આચાર્યપદે પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ



કરવામાં આવ્યો હતો. દેવ પૂજન, દીક્ષુહોમ, શાંતિહોમના કાર્યક્રમ યોજાયા બાદ પ્રતિષ્ઠાના છેલ્લાં દિવસે રક્ષાબંધનના પાવન પ્રસંગે

**મૂર્તિ પ્રતિષ્ઠામાં સમગ્ર ગામ ભક્તિના રંગમાં રંગાયુ**

મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પ્રતિષ્ઠા મહોત્સવમાં ત્રણ દિવસથી સમગ્ર ગામ ભક્તિના રંગમાં રંગાયુ હતું.

# અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા રક્ષાબંધનની અનોખી રીતે ઉજવણી કરાઇ

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા રક્ષાબંધનના તહેવાર નિમિત્તે લોકોમાં ટ્રાફિક અંગે જાગૃતિ આવે અને લોકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે માટે સ્પેશ્યલ ડ્રાઈવ રાખવામાં આવેલ. આ ડ્રાઈવ દરમ્યાન હેલમેટ અને સીટ બેલ્ટ વગર વાહન ચાલકો તથા ટ્રાફિકના નિયમોનો ભંગ કરી રહેલા વાહન ચાલકોને મહિલા પોલીસ તથા



ટી.આર.બી. બહેનો દ્વારા રાખડી બાંધી, તેમની સુરક્ષાની મંગલ કામના કરી, હવેથી ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરશે તેવું વચન લેવામાં આવ્યા હતા. અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સૂચના અને માર્ગદર્શન મુજબ ટ્રાફિક શાખાના પોલીસ સબ ઈન્સ. વી.વી.ગોહિલ તથા જિલ્લા ટ્રાફિક શાખા તથા તાલુકા પોલીસ સ્ટાફ તથા ટી.આર.બી. બહેનો દ્વારા જિલ્લામાં ગંભીર અને પ્રાણઘાતક વાહન અકસ્માતના બનાવોમાં મૃત્યુદર અને ગંભીર ઈજાનું પ્રમાણ ઘટાડવા તેમજ ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી કરાવવા ટ્રાફિક અંગે જાગૃતિ માટે નવતર પ્રયોગ હાથ ધરી રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

# હાલરીયા ગામેથી ડઝન ખેલી રૂ. ૧૦,૧૫૦ની મત્તા સાથે ઝડપાયા

બગસરા, તા.૧૯

બગસરાના હાલરીયા ગામેથી પોલીસે ૧૨ જુગારીઓને રોકડા ૧૦,૧૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જયવંતભાઈ વલકુભાઈ ધાધલ, મોહનભાઈ નારણભાઈ બગડા, ઘનશ્યામભાઈ વાલાભાઈ મકવાણા, શેલારભાઈ વિસામણભાઈ ધાધલ, જયરાજભાઈ દેવકુભાઈ ધાધલ, મગનભાઈ નારણભાઈ બગડા, કાનાભાઈ ભગાભાઈ માધડ, હરેશભાઈ મનસુખભાઈ સોલંકી, ગોપાલભાઈ મનસુખભાઈ આસુંદરા, વનરાજભાઈ શેલારભાઈ ધાધલ, વિકમભાઈ અરવિંદભાઈ સોલંકી તથા પ્રતાપભાઈ નનકુભાઈ જેબલીયા જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૦,૧૫૦ સાથે ઝડપાયા હતા.

# બગસરામાં જન્માષ્ટમી પર્વ પર લોકમેળો યોજાશે

**નિયમ મુજબ વિવિધ રાઈડ્સ સાથે લોકમેળો આકર્પણ જમાવશે**

બગસરા, તા.૧૯

તાજેતરમાં રાજકોટ ટીઆરપી અગ્નિકાંડ બાદ જન્માષ્ટમીના મેળાને લઈ અનેક સવાલો ઉભા થયા હતા. જેમાં અમરેલી જિલ્લામાં અનેક શહેરોમાં મેળો બંધ



રાખવાની સ્થિતિ ઉભી થઈ છે. જો કે સરકારી નિયમના પાલન સાથે બગસરામાં આગામી તા. ૨૩ના રોજ સાંજના ૪ કલાકે વાંઝા જ્ઞાતિના પાર્ટી પ્લોટમાં આપાગીગાની જગ્યાના મહંત જેરામબાપુ, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, જે.વી.કાકડીયા સહિતના પદાધિકારીઓની હાજરીમાં ભવ્ય લોકમેળાનો પ્રારંભ કરવામાં આવશે. લોકમેળામાં ચકડોળ, હોડકી, બ્રેકડાન્સ, ટોરાટોરા સહિતની વિવિધ રાઈડ્સ આકર્ષણનું કેન્દ્ર રહેશે. શહેરમાં મેળાનું આયોજન કરવામાં આવનાર હોવાથી મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડશે. જન્માષ્ટમીના મેળાનો લાભ લેવા આયોજક રાજનભાઈ બાબરીયા અને તેજસ ધાંધીયાએ લોકોને અનુરોધ કર્યો છે.

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી) દ્વારા અંધશાળામાં રક્ષાબંધનની ઉજવણી



અમરેલી, તા.૧૯

લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી) દ્વારા અંધજન તાલીમ કેન્દ્ર (અંધશાળા)માં પ્રજ્ઞાચક્ષુ ભાઈઓને આજના શ્રાવણી પૂર્ણિમાના પવિત્ર પર્વ રક્ષાબંધન નિમિત્તે રક્ષા અર્પણ કરવાનો એક કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ હતો. બહેનોએ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓની સુખ, શાંતિ અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં લાયન લેડીઝ રેખાબેન એમ. પટેલ, ભારતીબેન એમ. પટેલ, મીન્ટુબેન કે. શિરોયા, યામીનીબેન એ. સંપટ, ફરીદાબેન આફિકાવાલા, ભાવિકાબેન એ. ડોડીયા, હિરલબેન કાથરોટીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભના પ્રારંભે અંધજન તાલીમ કેન્દ્રના સેક્રેટરી દિલીપભાઈ પરીખે શાબ્દિક સ્વાગત કરેલ હતું. પૂર્વ પ્રમુખ લાયન પ્રા. એમ. એમ. પટેલ તથા હિરલબેનના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં રક્ષાબંધન એટલે દ્રષ્ટિ પરિવર્તન તેમજ ભાઈ બહેનના પરસ્પરના પ્રેરક, પોષક અને પૂરક સંબંધો સમજાવી ભારતીય સંસ્કૃતિમાં પ્રેમ બંધન રૂપી રક્ષાબંધનની અગત્યતા સમજાવેલ તેમજ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓમાં રહેલ આંતરિક ગુણોનો વધુમાં વધુ વિકાસ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી)ના એમ.એમ. પટેલ, મહેશભાઈ એમ. પટેલ, રમેશભાઈ ગોલ, અશ્વિનભાઈ ડોડીયા, કિશોરભાઈ શિરોયા, મુસ્તફા આફિકાવાલા, બિમલભાઈ રામદેવપુત્રા, રમેશભાઈ કાથરોટીયા, રૂજુલભાઈ ગોંડલીયા, રિધેશભાઈ નાકરાણી, અંધજન તાલીમ કેન્દ્રના અશ્વિનભાઈ શેલડીયા વગેરેએ જહેમત ઉઠાવેલ હતી તેમ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી)ના પ્રમુખ મનોજભાઈ કાનાણીએ જણાવેલ છે.

# ધારી માનવ મંદિર ખાતે મંદબુદ્ધિના લોકો સાથે રક્ષાબંધનની ઉજવણી

બગસરા, તા.૧૯

બગસરામાં રક્ષાબંધન પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભાજપના આગેવાનોએ ધારી માનવ મંદિર ખાતે મંદબુધ્ધિના લોકોને રાખડી બાંધી હતી. આ ઉપરાંત શહેરના અટલજી પાર્ક પાસે આવેલ સ્લમ વિસ્તારમાં બાળકો અને બહેનોને રાખડી વિતરણ કાર્યક્રમ કરવામાં



આવેલ હતો. જેમાં શહેર ભાજપ મંત્રી મહેશભાઈ માંડલિયા, મંત્રી મુકેશભાઈ નારિગરા, જયસુખભાઈ રાવળદેવ, નિતેશભાઈ હિંગુ, હરેશભાઈ ભદ્રેશ્વરા, અર્જુનભાઈ તેમજ કાર્યકર્તા સાથે ત્રણ નાની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# કોલડા ગામમાં સંત કોલવા ભગતના મંદિરે બાવન ગજની ધજા ચડાવવામાં આવી

કુંકાવાવ, તા.૧૯

કુંકાવાવ તાલુકાના કોલડા ગામમાં આવેલા સંત શ્રી કોલવા ભગતના મંદિરે શ્રાવણ સુદ પૂનમ સોમવારે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વજુભાઈ નાગજીભાઈ સોરઠીયા દ્વારા બાવન ગજની ધજા ચડાવવામાં આવી હતી. કોલેશ્વર ધામ તરીકે ઓળખાતા આ મંદિરમાં રાજાધિરાજ જગતગુરુ દ્વારકાધીશની અખંડ



જ્યોત બિરાજમાન છે. કહેવાય છે કે ભગવાન શ્રી દ્વારકાધીશે જગત મંદિર દેવળ ફેરવીને સંત શ્રી કોલવા ભગતને દર્શન આપ્યા હતા. કોલવા યુવક મંડળ કોલડા ટ્રસ્ટ દ્વારા દર પૂનમે બાવન ગજની ધજા ચડાવવાની પરંપરા જાળવવામાં આવે છે. આ સાથે નાના બાળકોને બટુક ભોજન કરાવવામાં આવે છે.

# સ્વતંત્રતા દિવસે અમરેલીમાં 'સાયબર ક્રાઈમ સે આઝાદી' જાગૃતિ અભિયાન

અમરેલી, તા.૧૯

ભારતના ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે, ગુજરાતની પ્રખ્યાત આઈ.ટી. સંસ્થા રેડ & વ્હાઈટ મલ્ટીમીડિયા એજ્યુકેશને અમરેલી શહેરમાં એક અનોખું જાગૃતિ અભિયાન યોજ્યું હતું. 'સાયબર ક્રાઈમ સે આઝાદી' થીમ સાથે, સંસ્થાએ શહેરના વિવિધ વિસ્તારોમાં સાયબર સુરક્ષા



અંગે લોકોને માહિતગાર કર્યા હતા. સંસ્થાની અમરેલી શાખાની ટીમે શહેરના રહેણાંક વિસ્તારોમાં જઈને લોકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે સાયબર ક્રાઈમ વિશે જાગૃતિ ફેલાવતા પોસ્ટર્સ દ્વારા મહત્વપૂર્ણ માહિતી શેર કરી હતી. અભિયાનનો મુખ્ય હેતુ લોકોને સાયબર સુરક્ષા વિશે શિક્ષિત કરવાનો છે. અભિયાન દરમિયાન, સંસ્થાની સાત ટીમોએ અમરેલીના વિવિધ વિસ્તારો ઉપરાંત શીતલ કંપની, મહિલા ગૃહ ઉદ્યોગ, નગરપાલિકા અને સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. તેમણે લોકોને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું.

# અમરેલી જીલ્લામાં વરસાદની ખેંચથી મોલાતને નુકસાનની ભીતી

**ખેડૂતો સારા વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે**

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં અને તેની આસપાસના વિસ્તારોમાં અપેક્ષિત વરસાદની ખેંચ ચિંતાનો વિષય બની રહી છે. ખેડૂતો સારા વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં વાદળછાયો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ હવે છેલ્લા બે-ત્રણ દિવસથી ઉનાળા જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. આજે તો પ્રખર તાપ સાથે સૂર્ય તપતો જોવા મળ્યો, જેના કારણે લોકોએ બપોરના સમયે એરકન્ડિશનર અને પંખા પૂરી ક્ષમતાએ ચલાવવાની ફરજ પડી હતી. જિલ્લાનું અર્થતંત્ર મુખ્યત્વે કૃષિ પર આધારિત છે પરંતુ અપૂરતા વરસાદને કારણે કૃષિક્ષેત્ર ગંભીર સંકટનો સામનો કરી રહ્યું છે. પરિસ્થિતિ એટલી વિકટ છે કે કેટલાક નિષ્ણાતો આને દુષ્કાળ જેવી સ્થિતિ ગણાવી રહ્યા છે. ખેડૂતો આગામી બે-ચાર દિવસમાં સારા વરસાદની આશા રાખી રહ્યા છે. જો આ અઠવાડિયામાં વરસાદ નહીં થાય તો પાક નિષ્ફળ જવાની ભીતિ છે. આ પરિસ્થિતિમાં સ્થાનિક લોકો ઈશ્વરને પ્રાર્થના કરી રહ્યા છે કે વહેલી તકે વરસાદ થાય.









**રાજયના વિવિધ શહેરોમાંથી કેદી ભાઈઓને રાખડી બાંધવા બહેનો આવી પહોંચી**

# અમરેલી સબ જેલમાં રક્ષાબંધનનું પર્વ ઉજવાયું, બહેનોની આંખો ભીંજાઈ

**રાખડી બાંધતા સમયે ભાઈ-બહેન વચ્ચે ભાવુક દૃશ્યો સર્જાયા**

અમરેલી,તા.૧૯

ભાઈ બહેનના હેતનો તહેવાર એટલે રક્ષાબંધન. રક્ષાબંધનના દિવસે બહેનો ભાઈને રાખડી બાંધી ભાઈના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે પણ જે આરોપી તરીકે જેલમાં છે એ કેદીઓને એમની બહેનોએ અમરેલી સબજેલ ખાતે ઉમંગભેર રક્ષાબંધનનો તહેવાર મનાવ્યો હતો. દૂર-દૂરથી બહેનો અમરેલી સબજેલ ખાતે આવી પહોંચી હતી અને અમરેલી સબ જેલમાં રહેલા પોતાના ભાઈઓને તિલક કરી મીઠાઈ ખવડાવી રાખડી બાંધી હતી અને લાંબા આયુષ્ય માટે



પ્રાર્થના કરી હતી અને જીવનમાં જે કોઈ ભૂલ કરી છે એ ફરી ન



થાય અને ઝડપથી સજા પૂર્ણ કરી ઘરે પરત ફરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. આજે વહેલી સવારથી જ રાજયના વિવિધ શહેરોમાંથી બહેનો પોતાના વીરાને રાખડી બાંધવા માટે આવી પહોંચી હતી. અમરેલી સબ જેલ ખાતે બહેનોને કોઈ મુશ્કેલી ન થાય તે માટે જેલ કર્મચારીઓએ સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. બહેનોએ કેદી ભાઈઓને અશ્રુભરી આંખે કાંડે રાખડી બાંધી હતી. આ પ્રસંગે લાગણીસભર દૃશ્યો સર્જાયા હતા. બહેનોએ પોતાના ભાઈને રાખડી બાંધી મીઠાઈ આપી મોઢુ મીઠું કરાવ્યું હતું. અમરેલી સબ જેલમાં રક્ષાબંધનના તહેવારમાં જેલર અર્જુનસિંહ પરમાર સહિતનાઓ દ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ૨૫૦ વધારે કેદીભાઈઓને રાખડી બાંધવામાં આવી હતી.

# ગાધકડામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા યજ્ઞોપવિત બદલવામાં આવી



સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામના ફુલીયાદાદા આશ્રમ ખાતે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞોપવિત બદલાવવામાં આવી હતી.

# વંડામાં આવેલી હાઈસ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

સાવરકુંડલા, તા. ૧૯



ભાઈના જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને પ્રેરક શુભેચ્છાનું પર્વ અને પ્રતીક એટલે રક્ષાબંધન. આ પર્વ પી.પી.એસ. હાઈસ્કૂલ-વંડામાં ૧૭ ઓગસ્ટના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યું હતું. શાળાની દરેક વિદ્યાર્થિની બહેનોએ સહુ ભાઈઓને કુમકુમ તિલક કરી કંકુ ચોખાથી વધાવી રાખડી બાંધીને ભાઈઓના દીર્ઘાયુ તથા સ્વાસ્થ્યપૂર્ણ જીવન માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી.

# સા.કુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં ફાયર સેફટી તાલીમનું આયોજન કરાયું

અમરેલી, તા.૧૯

સા.કુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં શાળા સલામતી અંતર્ગત ફાયર સેફટીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં આગ અને તેનાથી થતા નુકસાન અંગે વિદ્યાર્થિનીઓને જાગૃત કરવામાં આવી હતી.



શાળાના આચાર્ય ઉષાબેન તેરૈયા અને શિક્ષક મેહુલભાઈ મહેતાએ ફાયર સેફટીના સાધનોનું નિદર્શન કર્યું હતું. તેમણે આ સાધનોના ઉપયોગ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ વિશેષ તાલીમ કાર્યક્રમમાં ૮૦૦થી વધુ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. તેમને આગથી બચવાના ઉપાયો અને ફાયર સેફટીના નિયમો વિશે માહિતગાર કરવામાં આવી હતી.

# રાજુલા તાલુકા પંચાયતમાં બદલી થતા અધિકારીઓને ભાવભીની વિદાય

રાજુલા, તા.૧૯



છેલ્લા ત્રણ વર્ષથી રાજુલા તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા હિતેષ જે. પરમાર અને ટી.પી.ઓ. તરીકે ફરજ બજાવતા તુષારભાઈ ત્રિવેદીને વિદાય આપવામાં આવી હતી. પરમારની પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકા ખાતે અને ત્રિવેદીની જાફરાબાદ ખાતે બદલી થવાના કારણે આ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજુલા તાલુકા સરપંચ એસોસિએશનના તમામ હોદ્દેદારો અને સરપંચોએ બંને અધિકારીઓને શાલ, ફળ અને સાકરના પડા અર્પણ કરી સન્માન કર્યું હતું.

# સાવરકુંડલાની ગણેશ વાડી ખાતે હિંડોળાના અદ્‌ભુત દર્શન

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાની ગણેશવાડીમાં શેરી નંબર ૩ ખાતે સમૂહ સત્સંગ કાર્યક્રમ યોજાયેલ. જેમાં કાનુડાના એક સાથે નવ હિંડોળાના દર્શન તેમજ શેરીના તમામ બહેનો વતી ૫૬ ભોગનો અન્નકુટ ધરવામાં આવેલ. સમૂહમાં સત્સંગ કરી દીપમાળા તેમજ સમૂહ આરતીનો દરેક બહેનોએ લાભ લેતા ગોકુલધામ જેવું



વાતાવરણ સર્જાયું હતું અને કૃષ્ણ-કનૈયાના આશીર્વાદ પ્રાપ્ત કરી બધાએ ધન્યતા અનુભવી હતી. આ કાર્યક્રમમાં આજુબાજુના વિસ્તારની બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને આવા કાર્યક્રમનું અવારનવાર આયોજન કરવામાં આવે તેવું સ્થાનિક ભાવનાબેન જોષીએ જણાવેલું હતું. પવિત્ર શ્રાવણ નિમિત્તે કાનુડાના નવ હિંડોળાના દર્શન કરીને મહાદેવ અને કૃષ્ણ-કનૈયાના ગુણગાન ગાઈને ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# ચકાવા ગામે બાકી પૈસાની ઉઘરાણી મુદ્દે યુવકને ઢીકાપાટુ માર્યા

ખાંભા, તા.૧૯

ખાંભાના ચકાવા ગામે રહેતા એક યુવકે લીધેલા ઉછીના પૈસા મુદ્દે તેને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી મનમાં લાગી આવતાં કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી.

આ બનાવ સંદર્ભે ભરતભાઈ નાનજીભાઈ સોંદરવા (ઉ.વ.૨૮)એ મુન્નાભાઈ કથડભાઈ આહીર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે આરોપીને રૂ.૫૦૦ હાથ ઉછીના આપ્યા હતા. તેમાંથી આરોપીએ રૂ.૨૦૦ આપી દીધા હતા અને બાકીના રૂ.૩૦૦ની તેમણે આરોપી પાસે ઉઘરાણી કરતા સારૂ નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈને ગાળો આપતાં તેમણે ગાળો આપવાની ના પાડતા ઢીકા-પાટુ વડે શરીરે મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મનમાં લાગી આવતા પોતાની મેળે કપાસમાં છાંટવાની થોડી દવા પી લીધી હતી. સાવરકુંડલા વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય વધુ તપાસ કરી રહ્યા છે.

શ્રાવણ માસ સ્પેશ્યલ ઓફર
કોઈપણ 925 સિલ્વર જ્વેલરી ઉપર મેળવો 30 % ડિસ્કાઉન્ટ
અમારી કોઈપણ બ્રાન્ચ પરથી ખરીદી કરી શકો છો... તો રાહ શેની જુઓ છો... આજે જ પધારો...
શ્રીનાથજી જ્વેલર્સ (અમરાપુર વાળા) અંકિત સોની: 99257 57581 / 92650 95977 ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટલ પાસે, SBI બેંકની સામે, અમરેલી.
બ્રાન્ચ-૧ યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા) હિરેન સોની: 94292 20847 / 8141207736 ચકકરગઢ રોડ, ફાટક ઉતરતા, અમૃતનગર શેરી નં.૨, સહજ હોલની બાજુની ગલીમાં, અમરેલી.
બ્રાન્ચ-૨ શ્રી યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા) વિરેન સોની: 98246 28370 હઠીલા હનુમાન મંદિર પાછળ, કાબરીયાના ડેલા સામે, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS 2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

Gyanvi Technologies Private Limited | MAKE IN INDIA | OREVA e-BIKE MILEAGE MASTI
अब पेट्रोल की टेंशन छोड़ो !
भारत में निर्मित अपनी इलेक्ट्रिक सवारी, ओरेवा ई बाइक चलाओ मगर शान से!
SPECIAL OFFER | 100% Servics ALL PARTS AVAILABLE | OREVA E- BIKE
offer Prize 55,999/- Rs. 59,999/-
Alish
No RTO / PUC LICENCE PETROL POLLUCTION REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Appointment Now Mo.8160832025
Dream Family spa Ladies & Gents | ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1299/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમેઝોન પાર્કની બાજુમાં અમરેલી.

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

# સા.કુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરને મળ્યું મોબાઈલ મેડિકલ યુનિટ



સાવરકુંડલા, તા.૧૯

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરને એક નવું મોબાઈલ મેડિકલ યુનિટ (હરતું-ફરતું દવાખાનું) પ્રાપ્ત થયું છે. આ યુનિટ મુંબઈ નિવાસી રમેશભાઈ અજમેરા પરિવાર દ્વારા દાનમાં આપવામાં આવ્યું છે. આ મોબાઈલ યુનિટ સાવરકુંડલાના આસપાસના ગામડાઓમાં જઈને દરરોજ ૧૫૦થી વધુ દર્દીઓને સેવા પૂરી પાડે છે. આ પહેલ ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની પહોંચ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# ધારીમાં ભોજલરામ મિત્ર મંડળનો ૧૭મો સારસ્વત સત્કાર સમારોહ યોજાયો

ધારી, તા.૧૯





ધારી તાલુકાના પટેલવાડી ખાતે શ્રી ભોજલરામ મિત્ર મંડળ દ્વારા ૧૭મો સારસ્વત સત્કાર સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. સંસદસભ્ય ભરતભાઈ સુતરીયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડિયા, અગ્રણી બિલ્ડર ચતુરભાઈ ચોડવડીયા, મથુરભાઈ કોટડીયા, ધરમશીભાઈ બવાસીયા, કલ્પેશભાઈ કોઠીયા, ધ્રુવભાઈ તોગડીયા, વિનુભાઈ ચોડવડીયા (નવિન જેમ્સ સુરત) એ ઉદ્ઘાટક પદ શોભાવેલ. આ કાર્યક્રમમાં ઉદ્યોગપતિ- વિપુલભાઈ માલવિયા, વિનુભાઈ ભુવા, મયુરભાઈ કોઠીયા, નટુભાઈ ચોડવડીયા, રામજીભાઈ હિરપરા, રમેશભાઈ ચોડવડીયા, વિપુલભાઈ માલાણી તથા પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા અને નલીનભાઈ કોટડીયા, અશ્વિનભાઈ કુંજડીયા, કમળાબેન ખોડાભાઈ ભુવા, પારૂલબેન દોંગા, તાલુકા પંચાયત પ્રમુખ કિરણબેન હિરપરા, ખોડાભાઈ ભુવા, ડો.વાડદોરીયા સાહેબ, ડો. ગોંડલીયા સાહેબ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓ, વિશિષ્ટ પ્રતિભાઓ, નિવૃત્ત કર્મચારીઓ અને વિવિધ ક્ષેત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ભરતભાઈ બાવીશી દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે પ્રવીણભાઈ કસવાળાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. સમાજના વિવિધ આગેવાનો અને કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# કેટરર્સમાં કામ કરતી પત્નીએ ફોન ન ઉપાડતાં પતિએ ઝેરી દવા પીધી

અમરેલી, તા.૧૯

અમરેલી સિટીમાં રહેતી એક પરિણીતા કેટરર્સમાં કામ કરતી હોવાથી અયોધ્યા ગઈ હતી. પતિ ઘણી વખત ફોન કરતા હતા પરંતુ રિસીવ થતો નહોતો. જેને લઈ બંને વચ્ચે બોલાચાલી થતાં પોતાની મેળે અનાજમાં નાખવાની ઝેરી દવા પી લેતાં મરણ પામ્યા હતા. જુવાસિંહ કનુભાઈ પરમાર (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, ધનજીભાઈ કનુભાઈ પરમાર (ઉ.વ.૩૮)ના પત્ની કેટરર્સમાં કામ કરે છે. જે કામથી દસેક દિવસથી ઉત્તર પ્રદેશના અયોધ્યા વિસ્તારમાં કામ કરવા ગયા હતા. તેઓ ઘણી વખત ફોન કરતા હતા પરંતુ પત્ની વ્યસ્ત હોવાથી ફોન ઉપાડી શકતા નહોતા. જે વાતમાં બન્ને વચ્ચે બોલાચાલી થતા અનાજમાં નાખવાની ઝેરી દવા પી જવાથી મરણ પામ્યા હતા.

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ જાફરાબાદમાં પર્યાવરણ જાગૃતિ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

જાફરાબાદ, તા.૧૯



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ જાફરાબાદમાં એક મહત્વપૂર્ણ પર્યાવરણ જાગૃતિ અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ એન.એસ.એસ. યુનિટ અને સામુદાયિક સેવાધારા અંતર્ગત કોલેજના પ્રિન્સિપાલ ડો. વિરલકુમાર શીલુના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ ઉપરાંત, રોજબરોજના અભ્યાસ દરમિયાન વૃક્ષોને પાણી સીંચવાનો અને તેનું જતન કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ(NGO) રાજકોટના ચેરમેન એચ.એમ.ધોરી, NGOના પ્રમુખ રાકેશ કુમાર જોષી, સાગર ખેડુ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ જાફરાબાદના પ્રમુખ કિશોરભાઈ સોલંકી, જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. ભાસ્કન તેમજ મહિલા સુરક્ષા સેવા અને ટ્રાફિક વિભાગના કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં ભૂદેવો દ્વારા સમૂહ જનોઈ બદલવામાં આવી



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૧૯

રાજુલા ખાતે બ્રહ્મસમાજ દ્વારા સમૂહમાં બળેવ ઉજવણી કરવામાં આવી. સમૂહમાં પૂજા અર્ચના કરી યજ્ઞોપવિત જનોઈ બદલવામાં આવી હતી. બળુભાઈ શાસ્ત્રીના આચાર્ય પદે પૂજા વિધિ દ્વારા ભૂદેવોને સપ્તરુષિ પૂજામાં ગાયત્રી મંત્રજાપ સૂર્યપૂજન કરવામાં આવ્યું હતું. યજ્ઞોપવિત બદલવામાં ભૂદેવો જોડાયા હતા. શાસ્ત્રીએ જણાવ્યું હતું કે ઝાંખરા ભવાની મા મંદિર ખાતે દર વર્ષે જનોઈ બદલવામાં આવે છે.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રક્ષાબંધનની ભાવપૂર્ણ ઉજવણી



અમરેલી, તા.૧૯

અમરેલી સ્થિત શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં આજે રક્ષાબંધન પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. હોસ્ટેલના વિદ્યાર્થીઓ મીની વેકેશન માટે ઘરે ગયા હોવાથી, શિક્ષિકા બહેનોએ પ્રતીકાત્મક રીતે વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી. કાર્યક્રમમાં શિક્ષિકાઓએ વિદ્યાર્થીઓને રાખડી બાંધી, કંકુ-ચોખાનો ચાંદલો કર્યો અને મોં મીઠું કરાવ્યું હતું. આ રીતે ઘર જેવા વાતાવરણમાં તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેને તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભાણિયા પ્રા. શાળાને બોલેરો વાહન અર્પણ કરવામાં આવ્યું

અમરેલી, તા.૧૯



પૂજ્ય મુક્તાનંદ બાપુ (ચાપરડા)ના આશીર્વચનથી તેમજ આનંદધારાના આદ્ય ગુરૂ ડો.નલિન પંડિત સાહેબના અવિરત પ્રયાસોથી આજરોજ આ વિસ્તારમાં આવેલા પડલીયા નેસ, રેબડી નેસ, રાજસ્થળી નેસ વગેરે માલધારી લોકોના બાળકોને શાળા સુધી પહોચાડવા માટે SSAના સહયોગથી મુક્તાનંદ બાપુ દ્વારા ભાણિયા પ્રાથમિક શાળાને બોલેરો વાહન અર્પણ કરવામાં આવ્યું હતું.

આ તકે વિવિધ શૈક્ષણિક ક્ષેત્રે જોડાયેલા મહાનુભવો તેમજ માલધારી સમાજ, શાળાના કર્મચારીઓ વગેરે હાજર રહ્યા હતા.

# અમરેલીમાં પતિ-પત્નીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૧૯

અમરેલી શહેરમાં મોટા કસ્બાવાડ પાસે એક દંપતીને ગાળો આપી મુંઢમાર મારવામાં આવ્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે હુરખાનભાઈ સીકંદરભાઈ પઠાણ (ઉ.વ.૪૦)એ શાહનવાજ શીરાજુદીન ચીશ્તી ઉર્ફે દાદાબાપુ, જેહરૂદ્દીન હુસેનમીયા ચીશ્તી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને ફોન કરીને જુમ્મા મસ્જીદ ચોકમાં બોલાવ્યો હતો. ન્યાતમાં જમવા બાબતે મનદુઃખ રાખી બંને આરોપીએ તેમને તથા તેના પત્નીને ગાળો આપી, શરીરે મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: પ્રથમા (એકમ)
તા. ૨૦-૦૮-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૫:૪૯, સૂર્યાસ્ત-૦૭:૦૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતભિષા

## દૈનિક રાશિફળ

તા.૨૦-૦૮-૨૦૨૪ મંગળવાર

- મેષ: પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજન અંગે ચર્ચા થશે. કોઈ વિશેષ મહેમાન સાંજે આવી શકે છે.
- વૃષભ: આજનો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનઅપેક્ષિત પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થઈ જશે.
- મિથુન: ખરીદી અને વેચાણના મામલે લાભ થશે. આજે તમને દિવસ દરમિયાન સારા સમાચાર મળશે.
- કર્ક: આજે પ્રયાસ બાદ તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીમે ધીમે હવે તમારું નસીબ પણ તમને ટેકો આપશે.
- સિંહ: આજે કોઈપણ નવા સંપર્કથી લાભ મળશે. આ ઉપરાંત ભૂતકાળના સંદર્ભમાં સંશોધનનો લાભ આજે મળી શકે છે.
- કન્યા: કન્યા રાશિના લોકોને આજે ઉચ્ચ અધિકારીઓની નિકટતાનો લાભ મળવાની તક મળશે. આયાત-નિકાસના ધંધામાં પણ નફાનો યોગ છે.
- તુલા: આજનો દિવસ બહેન અને ભાઈની ચિંતામાં વિતાવશો. કદાચ આજે તમે તેમની કારકિર્દી અથવા વ્યક્તિગત જીવનને સેટ કરવા માટે ટેન્શનમાં છો.
- વૃશ્ચિક: આજે પરિવારમાં સારા સમાચાર મળશે. પરંતુ કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં આવતી સમસ્યાઓ તમારા પર ભારે ના થવા દો.
- ધન: આજે ધંધાને લઈને ખાસ ચિંતિત રહેશો. જેનું કારણ એ છે કે છેલ્લાં ઘણાં દિવસોથી તમારો વ્યવસાય નિયમિત રહ્યો નથી.
- મકર: આજે તમારે કોઈ વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. પરંતુ તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. તમારું કાર્ય ઉત્સાહથી પૂર્ણ કરો.
- કુંભ: આજે કોઈ કારણોસર ચિંતિત અને પરેશાન રહેશો. કેટલીક સમસ્યાઓ વાસ્તવિક હશે.
- મીન: આજે અભ્યાસ અને અધ્યાત્મમાં રુચિ વધવાની સંભાવના છે. વિવાદપૂર્ણ બાબતોનો અંત આવશે.

# સાવરકુંડલામાં સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા ૭૮મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૧૯



સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સના પ્રાંગણમાં ૭૮મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં સંસ્થાના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી ડી.બી. ગજેરા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે ધ્વજારોહણનો અમૂલ્ય લ્હાવો શાળાની વિદ્યાર્થિની ડાવરા ધ્રુવીને આપવામાં આવ્યો હતો, જેણે ગત વર્ષે ધોરણ ૧૦ વિજ્ઞાન પ્રવાહમાં સાવરકુંડલા તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક અને દેશભક્તિના કાર્યક્રમો રજૂ કર્યા હતા. વધુમાં, શાળા દ્વારા ગત વાર્ષિક પરીક્ષામાં કે.જી.થી ધોરણ ૧૨ સુધીના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ મહેનત કરી હતી. આ પ્રસંગે રાજુભાઈ શિંગાળા, લલિતભાઈ મારુ, કિરણભાઈ રીબડીયા જેવા આમંત્રિત મહેમાનો તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા તાલુકા પંચાયત કચેરી ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા તાલુકા પંચાયત કચેરી ખાતે પ્રમુખ જીતુભાઈ કાછડીયાના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં રક્ષાબંધનની ઉજવણી

**વિદ્યાર્થિનીઓએ ૨૫ ફૂટ લાંબી રાખડી બનાવી**



અમરેલી, તા.૧૯

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ તેમજ જ્ઞાનશક્તિ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ તમામ શાળાઓમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બહેનોએ ભાઈઓની સફળતા અને રક્ષા માટે રાખડી બાંધી લાંબા આયુષ્યની પ્રાર્થના કરી હતી. જ્ઞાનશક્તિ સ્કૂલની વિદ્યાર્થિનીઓ દ્વારા ૨૦ ફૂટ લાંબી રાખડી બનાવવામાં આવી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

# ચમારડી ગામેથી ૩ સહિત જિલ્લામાંથી ૧૨ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૨ પ્યાસીઓને પકડી કાર્યવાહી કરી હતી. ચમારડી ગામેથી ૩, ટીંબી ચેકપોસ્ટ પરથી ૩, જાફરાબાદમાંથી ૨, વાઘણીયા, સાવરકુંડલા, હામાપુર અને અમરેલીમાંથી ૧-૧ મળી કુલ ૧૨ ઈસમો કેફી પીણું પીને જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. સાવરકુંડલાના શેલણા ગામેથી એક યુવક પાસેથી ૩ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# અમરેલીમાં હૃદયરોગના હુમલાથી અજાણ્યા પુરુષનું થયુ કરૂણ મોત

**અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે**

અમરેલી, તા.૧૯

અમરેલીમાં એક યુવકને હૃદયરોગનો હુમલો આવતાં મોત થયું હતું. બનાવ અંગે નાના માચીયાળા ગામના મસરૂભાઈ રઘુભાઈ સાનીયા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, ૫૦ થી ૫૫ વર્ષના અજાણ્યા પુરુષને અમરેલી, લાઠી ચોકડી પાસે આવેલ વંદના ગાંઠીયા ટી સ્ટોલની આગળ રોડ ઉપર અકસ્માતે હૃદયરોગનો હુમલો આવતા સારવાર પહેલા જ સ્થળ ઉપર મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે.ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# સાયબર ઈન્સ્યોરન્સની જરૂરિયાત

આજની તારીખે ડિજિટલ ક્રાઈમમાં સૌથી વધુ જોખમ નાણાંની સુરક્ષા અંગે છે માત્ર એક નજીવી ભૂલને કારણે તમારા બેન્ક એકાઉન્ટ ખાલીખમ થઈ શકે છે. ડિજિટલ બેન્કિંગ અને નાણાકીય વ્યવહારોનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે અને સામાન્ય વ્યક્તિ પણ ગુગલ પે, એમેઝોન ડોટ કોમનો સર્વાધિક ઉપયોગ કરે છે આ બાબતમાં જો સામાન્ય ભૂલ કરવામાં આવે તો પણ બેન્ક એકાઉન્ટ હેક થઈ શકે છે. આની સાથે ગમે તેટલી સાવચેતી રાખવા છતાં પણ સાયબર ક્રાઈમનો ભોગ માનવી બની જાય છે. ઈન્ટરનેટ સાથે સંકળાયેલા નાણાકીય વ્યવહારો હવે સલામત રહ્યા નથી એક નાનકડી એવી ભૂલ પણ મોટું નુકસાન કરાવી શકે છે. ઈન્ડિયન સાયબર ક્રાઈમ ઓર્ડીનેશન સેન્ટર પ્રમાણે આ વર્ષે એપ્રિલ સુધીમાં ૭.૪૦ લાખથી વધુ સાઈબર ક્રાઈમની ફરિયાદો નોંધવામાં આવી છે આ તમામનો અભ્યાસ કરતા જાણવા મળે છે કે ડિજિટલ બેન્કિંગનો ઉપયોગ કરવાથી સાયબર ક્રાઈમનો ભોગ સામાન્ય માનવી બની શકે છે. પાસવર્ડ તથા ઓટીપીની ચોરી થઈ શકે છે અને આના દ્વારા તમારા બેન્ક એકાઉન્ટને ટાર્ગેટ બનાવી શકાય છે આમાં મહત્વના ડેટાની ચોરી થાય છે. તમારા મોબાઈલ ફોન કે પીસી પર સાઈબર હુમલો કરીને તમારા ખાનગી પાસવર્ડ તથા અન્ય ડેટાઓ સાયબર ક્રાઈમ કરનારા વાંચી શકે છે, તેનો ઉપયોગ કરી શકે છે અને આના કારણે મોટું નાણાકીય નુકસાન થઈ શકે છે. સાયબર ક્રાઈમને કારણે મોટી કાનૂની કાર્યવાહીનો પણ ભોગ સામાન્ય માનવી બને છે આની સામે જનરલ ઈન્સ્યોરન્સની જેમ સાયબર ઈન્સ્યોરન્સની પણ લોકોની મહત્વની જરૂરિયાત આજે બની ચૂકી છે. આ ઈન્સ્યોરન્સ બિઝનેસ કરતા વેપારીઓ અને ઉદ્યોગપતિઓ માટે અત્યંત જરૂરી બની ગયો છે આ ઉપરાંત સામાન્ય માનવીના વ્યક્તિગત ડેટાના પ્રોટેક્શન માટે પણ સાયબર ઈન્સ્યોરન્સ અત્યંત જરૂરી છે. ઈન્ટરનેટના વિસ્તારની સાથે સાઈબર ગુનાઓ પણ વધી રહ્યા છે. સાઈબર ઈન્સ્યોરન્સ શા માટે શા માટે જરૂરી છે? સાઈબર ક્રાઈમને કારણે તમારા મહત્વપૂર્ણ ડેટાની ચોરી થઈ શકે છે. તમારી સિસ્ટમ પર સાઈબર હુમલો કરીને તમારા ક્રેડેન્શિયલ અને ઓળખની ચોરી થઈ શકે છે. આજકાલ અનેક લોકો ઘરેથી કામ કરે છે. દરમિયાન તમારા ડેટાની સુરક્ષા કરવી ખૂબ જરૂરી છે. ડેટા બ્રીચને કારણે નાણાકીય નુકસાન, ખર્ચમાં વધારો, થઈ શકે છે અને કાનૂની કાર્યવાહીનો પણ સામનો કરવો પડી શકે છે. લાઈફ ઈન્સ્યોરન્સની માફક હેલ્થ, જનરલ ઈન્સ્યોરન્સની જેમ સાઈબર ઈન્સ્યોરન્સ પણ લોકોની જરૂરિયાત બની રહ્યો છે. ઈન્ટરનેટના વિસ્તારની સાથે સાઈબર ગુનાઓ પણ વધી રહ્યા છે. સૌથી જોખમી બાબત એ છે કે તેઓ સામાન્ય રીતે જ્યાં સુધી પહેલેથી જ થઈ ન જાય ત્યાં સુધી તેને શોધી શકાય તેમ નથી. વાસ્તવિક જીવનમાં, પીછો કરીને શિકાર કરતી વ્યક્તિથી વિપરીત, સાઈબર શિકારીને અને એટીએમ નજીક આંટા મારતા શંકાસ્પદ વ્યક્તિને જોઈ શકાતા નથી, ફિશરને શોધવો મુશ્કેલ છે. શક્ય હોય તેવા બધી સાઈબર ધમકીઓ અને જોખમોને ધ્યાનમાં રાખીને, તમને સુરક્ષિત કરવામાં મદદ કરવા માટે સાઈબર ઈન્શ્યોરન્સ પૉલિસી ડિઝાઈન કરવામાં આવી છે.

# હવે બહેન દીકરીઓની રક્ષા જરૂરી છે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સદીઓથી આપણા દેશમાં રક્ષાબંધન મનાવવામાં આવે છે. બહેન ભાઈની રક્ષા માટે શુભકામના સેવે છે પરંતુ હવે આ ધરતી પર બહેન દીકરીઓની રક્ષા કરવી અત્યંત જરૂરી છે. કલકત્તામાં રેપ અને મર્ડર કેસના પડઘા માત્ર ભારતમાં જ નહીં પરંતુ બ્રિટન, અમેરિકાની અંદર પણ લોકોનો આક્રોશ ચરમસીમા પર પહોંચી ચૂક્યો છે. દેશભરના સરકારી, ખાનગી ડોક્ટરોએ હડતાલ પાડી છે. ઓપીડી બંધ રહેતા લાખો દર્દીઓ સારવાર વિના ભયંકર રીતે રીબાઈ રહ્યા છે. હજારો ઓપરેશનનો રદ થયા છે જેને કારણે પ્રજા અપાર મુશ્કેલી ભોગવે છે. દેશભરના ૧૦ લાખથી વધુ તબીબો અને નર્સો દેશ વ્યાપી હડતાલમાં જોડાયેલા છે. સરકારે ડોક્ટરો અને હેલ્થ વર્કરની સુરક્ષા માટે કાયદો ઘડવાની સમિતિ રચવાની ખાતરી આપી છે અને તબીબો અને નર્સોને ફરજ પર હાજર થઈ જવાની અપીલ કરી છે. આવી ઘટના બને ત્યારે દર વખતે સરકાર જાહેર કરે છે કે આ બાબતમાં કોઈ ચમરબંધીઓને પણ છોડવામાં નહીં આવે અને કડક પગલાં ભરાશે હવે પછી આવી ઘટના નહીં બને તે માટે સરકાર સદા સજ્જ રહેશે આમ છતાં આવી ઘટનાઓ અવારનવાર બન્યા જ કરે છે. નિર્ભયાકાંડ પછી આવી ઘટનાની નહીં બને એની ખાતરી આપવામાં આવી હતી અને છતાં આવી સંખ્યાબંધ ઘટનાઓ રોજ બની રહી છે. જેની સામે દેશભરમાં આક્રોશ છે. ડોક્ટરો અને નર્સો હડતાલ પર છે એનો એક જ મકસદ છે કે સરકાર આ બાબતમાં તાત્કાલિક પગલાં ભરે. મમતા બેનરજીની સરકારને સસ્પેન્ડ કરીને રાષ્ટ્રપતિ શાસન લાદી દે અને ત્યાં બેન દીકરીઓને સુરક્ષા આપે. આ ઉપરાંત આ ગુનામાં સંડોવાયેલા તમામ લોકોને કડકમાં કડક સજા કરે અને દરિંદોને ફાંસીને માચડે લટકાવે અને પીડિતાને તાત્કાલિક ન્યાય આપે. પરંતુ ન્યાયની પ્રક્રિયા ખૂબ જ ધીમી હોય છે, ગુનાને સાબિત કરવાની પ્રક્રિયા પણ એટલી જ લાંબી હોય છે. કલકત્તાની આરજી કાર મેડિકલ કોલેજમાં ડ્રગ્સ અને ઓર્ગન રેકેટની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે. આ ઘટનાને બીજે દિવસે પોલીસે આરોપી સંજય રોયની ધરપકડ કરી લીધી હતી પરંતુ પીડિતાના સહ કર્મચારીઓએ હોસ્પિટલમાં ડ્રગ્સ અથવા ઓર્ગન રેકેટ ચાલતું હોવાની આશંકા વ્યક્ત કરી છે. આ ઘટનામાં પ્રિન્સિપાલ ઘોષની ગુડ બુકમાં ન હોય તેવા વિદ્યાર્થીઓને ધાક ધમકી આપવામાં આવતી હતી અને તેનું નાપાસ થવું નિશ્ચિત મનાતું હતું. મીડિયાના અહેવાલ મુજબ પીડિતાના એક સાથી ડોક્ટરે જણાવ્યું છે કે આ હોસ્પિટલમાં પનિશમેન્ટ પોસ્ટિંગ અને લાંબી શિફ્ટ સામાન્ય બાબત થઈ ગઈ છે. જે ડોક્ટર કે વિદ્યાર્થીની નેગેટિવ એપરોજ ધરાવે તો તેને ૩૬ - ૩૬ કલાક સુધી ડ્યુટી આપવામાં આવતી હતી. તેણે દાવો કર્યો કે પીડિતાને કદાચ માનવ અંગોના રેકેટ અંગેની માહિતી મળી ગઈ હશે જે તેનો પર્દાફાશ કરવા માગતી હશે અને આથી શક્ય છે કે આ કૌભાંડ દબાવવા માટે તેની હત્યા કરી હોય. અન્ય એક સાથી કર્મચારીએ કહ્યું કે અમને આશંકા છે કે આ બળાત્કાર અને હત્યા કોઈ સામાન્ય કેસ નથી પરંતુ આ રીતે ટાર્ગેટ કરીને કોઈ મેડિકલ કોલેજની સિસ્ટમ સામે વિરોધમાં ન જાય તે માટે બળાત્કાર અને કરપીણ હત્યા થઈ હશે. આ કેસમાં સંજય રોય માત્ર એક નાનું પ્યાદું અથવા બલીનો બકરો હોઈ શકે અને સાચો ગુનેગાર હજુ પકડાયો જ ન હોય તેવું બની શકે. પોલીસે મહિલા જુનિયર ડોક્ટરની ડાયરી અને તેના માતાપિતા પાસેથી માહિતી એકત્ર કરી છે જોકે ડાયરીના કેટલાક પાના ફાટેલા છે. આ હોસ્પિટલમાં માનવ અંગોનો ગેરકાનૂની વેપાર ચાલતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સીબીઆઈની ટીમ આ બાબતમાં ઊંડી તપાસ કરી રહી છે અને મુખ્ય ગુનેગારનો પોલીગ્રાફિક ટેસ્ટ કરવામાં આવશે તેવી વિગતો જાહેર થઈ છે. ટૂંકમાં આ આખો કેસ ખૂબ જ જટિલ અને તેના મૂળિયા ખૂબ જ ઊંડા હોય તેવું બની શકે અને આથી જ મમતા બેનર્જીની સરકાર આ કેસને દબાવવા માટે એડિચોટીનું જોર લગાવી રહી છે.

આની તપાસ લાંબા સમય સુધી ચાલે અને પીડિતાને ન્યાય ક્યારે મળે તે કોઈ કહી શકતું નથી. પશ્ચિમ બંગાળમાં સબૂતોને નષ્ટ કરવા માટે રાજ્ય સરકારની સીધી સંડોવણીના વીડિયો ટીવી ચેનલો અને સોશિયલ મીડિયા પર વાયરલ થયા હોવા છતાં મમતા બેનર્જી મહિલાઓને ન્યાય અપાવવા માટે રસ્તા ઉપર રેલી કાઢે આના જેવી શરમજનક હરકત બીજી કઈ હોઈ શકે.

કલકત્તા દુષ્કર્મના પડઘા વિદેશમાં પણ મોટા પ્રમાણમાં પડ્યા છે. લાખો લોકો જોરદાર દેખાવો કરી રહ્યા છે. ભારતીય મૂળના લોકોએ વિરોધ દર્શાવતી કાળી પટ્ટી પહેરી કેન્ડલ માર્ચ કરી છે. અમેરિકા, જર્મની, પોલેન્ડ અને કેનેડામાં પણ લોકો રસ્તા પર ઉતર્યા છે અને દુષ્કર્મીઓને સખત સજાની માંગ કરી છે. ન્યૂયોર્કમાં ટાઈમ સ્ક્વેર ખાતે પણ મોટા પાયા પર આ ઘટના અંગે લોકોએ વિરોધ પ્રદર્શનો કર્યા છે અને દેશભરની અંદર લોકોના આક્રોશને પોતાનું સમર્થન અમેરિકા, જર્મની, ફ્રાન્સથી પણ લોકોએ જાહેર કર્યું છે.

માત્ર ભારતમાં જ નહીં પરંતુ બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર ક્રૂર પાશવી અત્યાચારો થઈ રહ્યા છે. બાંગ્લાદેશમાં અગણિત હિન્દુ બહેન દીકરીઓ પર ભયાનક અત્યાચાર થઈ રહ્યા છે ત્યારે પ્રશ્ન જાગે છે કે હવે આ બધું કોણ અટકાવશે? લોકોની એક જ આશા છે કે ભારત સરકાર મોટી તાકાત છે એનો મીલીટરી પાવર પણ જેવો તેવો નથી. ભારત સરકાર પાસે અપાર સત્તા છે પોતે આ બાબતમાં કંઈક કરે તેમ સૌ કોઈ ઈચ્છે છે. નિર્બળની રક્ષા કરવી એ પોલીસનું કર્તવ્ય છે પરંતુ કલકત્તામાં તો આનાથી ઊલટું બની રહ્યું છે જે લોકો પાશવી અત્યાચારનો વિરોધ કરવા માટે મેદાનમાં આવ્યા છે તેના પર લાઠી વરસાવવામાં આવી રહી છે અને રાજ્ય સરકારની વિરૂદ્ધમાં જે કોઈ બોલે છે તેને જેલમાં પૂરી દેવામાં આવે છે આમ છતાં પશ્ચિમ બંગાળમાં લોકોનો આક્રોશ વધતો જાય છે. આ સમયે રાજ્યપાલની ફરજ વધી જાય છે. રાજ્યપાલ આ બાબતમાં પગલાં લેવા માટે તૈયાર થયા છે. સમાજના મોટાભાગના લોકો રેલીઓ કાઢે, કેન્ડલ માર્ચ કરે પરંતુ એનાથી વિશેષ લોકો બીજું શું કરી શકે? આની સામે ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથ આ બાબતમાં સખત અને કડક પગલાં લેવા માટે અતિ લોકપ્રિય બન્યા છે. કોઈ નરાધમ બહેન દીકરીની છેડતી કરે એટલે તરત જ તે એક્શન મોડમાં આવી જાય છે અને ગંભીર ગુનો હોય તો તેનું એન્કાઉન્ટર થઈ જાય અને તેના મહેલો પર બાબાનું બુલડોઝર ફરી વળે. યોગી આદિત્યનાથ તાત્કાલિક પગલાં લઈને ચમરબંધીઓને પણ ભોંય ભેગા કરવા માટે લોકપ્રિય થાઈ ચૂક્યા છે. સાચા અર્થમાં તે બહેન દીકરીઓના રક્ષણહાર બની ચૂક્યા છે. બંગાળમાં મમતાએ પણ આ રીતે કરવાની જરૂર છે પરંતુ તે પોતાની ખુરશી બચાવવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે. આની જગ્યાએ જો યોગી આદિત્યનાથ જેવા નેતા જો સત્તામાં હોય તો કોની હેસિયત છે કે બહેન દીકરીની છેડતી કે હત્યા કરી શકે? પરંતુ પશ્ચિમ બંગાળમાં તો મમતા દીદીનું નામ જ મમતા છે. પરંતુ નારી સન્માન સાથે તેને કોઈ નાતો હોય તેવું લાગતું નથી. માત્ર નામ જ મમતા જ છે. પરંતુ તેઓ નરાધમોને છાવરી રહ્યા છે. જે સબૂતો હતા તેને નષ્ટ કરવા માટે તેણે ધમપછાડા કર્યા તેની વિસ્તૃત જાણકારી સોશિયલ મીડિયા અને ટીવી ચેનલો ઉપર સતત પ્રસારિત થાય છે.

બાકી આપણી સંસ્કૃતિએ નારી સન્માનની વાત કરી છે. રામાયણ અને મહાભારત થકી નરાધમોને તેમના પાપનો હિસાબ કરાવવામાં વીર પુરુષોએ જરાય પાછી પાની કરી નથી. રક્ષાબંધન શબ્દોનું મૂળ રક્ષણ શબ્દ સાથે જોડાયેલું છે. રક્ષાની સાથે બંધન અથવા તો કવચ જે તેના આશ્રિતનું રક્ષણ કરવાનું હોય. આ રક્ષણની જવાબદારી પ્રાચીન સમયમાં રાજાઓની રહેતી. આધુનિક યુગમાં આ જવાબદારી સરકારની બને છે. રક્ષાબંધનના તહેવારની ગરિમા સ્થાપિત કરતી કેટલીક પૌરાણિક અને ઐતિહાસિક કથાઓ આપણે સાંભળતા અને વાંચતા આવ્યા છીએ પરંતુ હવે સમય અને સંજોગો બદલાતા બહેન દીકરીઓના રક્ષણને અગ્રતા આપીને જેના હાથમાં સત્તા છે, જેના હાથમાં દંડ છે તેણે નરાધમોને સખતમાં સખત સજા કરવી અત્યંત જરૂરી બની જાય છે. હવે બહેનોના રક્ષણની જવાબદારી ભાઈઓએ લેવાનો સમય આવી પહોંચ્યો છે. સંરક્ષણ કરવાનો દરેક માનવીનો અધિકાર છે. રક્ષાબંધનના સંદર્ભો હવે બદલાવાની જરૂર છે.

# સપ્તાહમાં સોના-ચાંદીના ભાવમાં તેજી, સોનાના વેચાણમાં રેકોર્ડ તૂટે તેવી સંભાવના

મુંબઈ,તા.૧૯




આ સપ્તાહે સોના અને ચાંદીના ભાવમાં તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ અનુસાર, ગયા શનિવારે એટલે કે ૧૦ ઓગસ્ટે સોનું રૂ. ૬૯,૬૬૩ હતું, આ વર્ષે ૨૯મી મેના રોજ ચાંદી પ્રતિ કિલો રૂ. ૯૪,૨૮૦ ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી. જ્યારે ૨૧ મેના રોજ સોનું રૂ. ૭૪,૨૨૨ ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં ૭,૨૫૨ રૂપિયાનો વધારો થયો છે. ૧ જાન્યુઆરીએ સોનું રૂ. ૬૩,૩૫૨ હતું, જે હવે રૂ. ૭૦,૬૦૪ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયું છે. તેમજ, એક કિલો ચાંદીની કિંમત ૭૩,૩૯૫ રૂપિયાથી વધીને ૮૧,૫૧૦ રૂપિયા થઈ ગઈ છે. આ વર્ષે મે-જૂનમાં લગ્ન માટે કોઈ શુભ મુહૂર્ત નહોતા, જેના કારણે મોટી સંખ્યામાં લગ્નો નવેમ્બર-ડિસેમ્બરમાં છે. આવી સ્થિતિમાં આ વખતે સોનાના વેચાણના રેકોર્ડ તૂટી શકે છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર ડિસેમ્બર સુધીમાં ઘરેણાં, સોનાની લગડીઓ અને સિક્કાઓની માંગમાં વધારો થશે. ૫૦ ટનની વધારાની માંગ ઊભી થઈ શકે છે. જેના કારણે સોનામાં તેજી જોવા મળી શકે છે.બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું હંમેશા ખરીદો. સોના પર ૬ અંકનો હોલમાર્ક કોડ છે. તેને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર એટલે કે HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યૂમેરિક છે એટલે કે કંઈક આના જેવું – AZ૪૫૨૪. હોલમાર્કિંગ દ્વારા જાણી શકાય છે કે સોનું કેટલા કેરેટ છે. બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ખરીદીના દિવસે સોનાનું સાચું વજન અને તેની કિંમત ક્રોસ-ચેક કરો. સોનાની કિંમત ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ પ્રમાણે બદલાય છે. ૨૪ કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ તેમાંથી જ્વેલરી બનાવવામાં આવતી નથી કારણ કે તે ખૂબ જ નરમ હોય છે.

# ભારતમાં રોજગારીનું સર્જન કરવા સુધારાની તાતી જરૂર

**આયાત ટેક્સમાં ઘટાડો કરવાની જરૂરીયાત રહેશે**

મુંબઈ,તા.૧૯

ભારતે વિકાસના માર્ગ પર સાતત્ય જાળવવા તેમજ દેશમાં પૂરતા પ્રમાણમાં રોજગારી સર્જન સુનિશ્ચિત કરવા માટે ઘણા વધુ સુધારા કરવાની જરૂર રહેશે તેવું IMFના ડેપ્યુટી મેનેજિંગ ડાયરેક્ટર ગીતા ગોપીનાથે જણાવ્યું હતું. ગોપીનાથે વધુમાં જણાવ્યું હતું કે જો ભારત વૈશ્વિક સપ્લાય ચેનમાં અગ્રણી બનવા માંગે છે તો તેણે આયાત ટેક્સમાં ઘટાડો કરવાની જરૂરિયાત રહેશે. માળખાકીય સુધારાના સંદર્ભમાં સરકાર દ્વારા અનેક પ્રકારના નોંધપાત્ર સુધારા કરવામાં આવ્યા છે. ભારત માટે વૈશ્વિક વેપાર માટે વધુ પારદર્શક રહેવું જરૂરી છે. ભારતમાં ટેરિફ દરો તેના અન્ય હરીફ દેશોની તુલનામાં વધુ છે. જેમાં ઘટાડો જરૂરી બનશે. એકંદર વૃદ્ધિદરની દૃષ્ટિએ ભારતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે અને ૭%ના દર સાથે તે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું છે. પરંતુ સવાલ એ છે કે કઈ રીતે ભારત આ મોમેન્ટમને યથાવત્ રાખીને દેશની માથાદીઠ આવકને વધારી શકે છે જેથી કરીને ભારત એક વિકસિત રાષ્ટ્ર બની શકે.

## શબ્દ સંજોગ-૧૮૫૫



**આડી ચાવી :**
(૧) આગ્રહભરી વિનંતી (૩)
(૩) આ પાનનો મુખવાસમાં ઉપયોગ થાય છે (૫)
(૭) એક ફળ (૨)
(૮) માનવતા, માનવજાતિ (૩)
(૯) રામના પ્રપિતામહ (૨)
(૧૦) વહી જવું તે, ઘસાઈ જવું તે (૨)
(૧૩) સાત પૈકીનો પાંચમો લોક (૪)
(૧૬) અસંગત, વિસંવાદી (૪)
(૧૮) દરેક ઘડીએ, વારંવાર (૪)
(૨૦) ---- જૈસી આંખોવાલી યે તો બતા તેરા----- (૩)
(૨૧) સૂર, સંગીતના સાત સૂરમાનો દરેક (૨)
(૨૨) એક હિંસક પ્રાણી (૨)
(૨૩) ઉપાધિ, જંજાળ (૩)
(૨૪) ભેળસેળવાળું, એકઠું (૨)
(૨૫) પતાવવું તે (૪)
(૨૮) એક જાતનું બારીક કાપડ (૪)
(૨૯) આશરે ૫૬ મણ જેટલું એક અંગ્રેજી તોલ (૨)
(૩૦) સંમતિસૂચક ઉદગાર (૧)

**ઊભી ચાવી :**
(૧) રસોઈની અને જમવાની જગ્યાને છાણમાટીથી લીંપવી તે (૩)
(૨) મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરુષ (૨)
(૩) મોટી દડા જેવી એક રોટી (૨)
(૪) ગાયમાંથી નીપજતું દૂધ-દહીં-ઘી-છાણ-મૂત્ર વગેરે (૨)
(૬) હલકું-નાનું (૨)
(૮) બરદાસ્ત, સારવાર (૪)
(૧૧) એક દેવ (૩)
(૧૨) નકારો સંગ, ખરાબ સોબત (૩)
(૧૪) જડસો, રખડેલ કે તોફાની જુવાનિયો (૩)
(૧૫) નારીને શોભાવતું એક વસ્ત્ર (૨)
(૧૬) થાક ખાવાની જગા (૩)
(૧૭) મનનો ભેદ (૨)
(૧૯) ઘર જેવા સંબંધવાળું (૪)
(૨૧) આકાર, દેખાવ (૩)
(૨૩) ભાવના, ધ્યાન (૩)
(૨૪) યંત્રની ચાલતું કારખાનું (૨)
(૨૫) થાક, તકલીફ (૨)
(૨૭) છીકરી મોટી થાળી (૨)

## શબ્દ સંજોગ-૧૮૫૪ જવાબ

**આડી ચાવી:** (૧) સમીર (૩) કલર (૬) મજાલ (૭) જમાનો (૮) રવાલ (૧૦) હવન (૧૪) માળ (૧૫) ભર (૧૭) ભોજન (૧૯) મરૂત (૨૦) જલા (લાજ) (૨૧) જલદ (૨૨) પા (૨૩) રાસ (૨૫) રેવતી (૨૭) નમન (૨૮) રસા (સાર) (૨૯) રજાઈ.

**ઊભી ચાવી:** (૧) સદર (૨) રમલ (૩) કલહ (૪) રજન (નજર) (૫) પાનો (૯) વાકળ (૧૧) વલે (૧૨) ગભરૂ (૧૩) રાન (૧૪) માવજત (૧૬) રત (૧૭) ભોજ (૧૮) જલારામ (૧૯) મદરેસા (૨૪) સનદ (૨૬) તીર (૨૭) નઈ.

# ગ્રામીણ અર્થતંત્ર આર્થિક વૃધ્ધિના મહત્વના ઉત્પ્રેરક તરીકે ઉભરી આવ્યું

મુંબઈ,તા.૧૯

દેશમાં તાજેતરના ત્રિમાસિક ગાળામાં વધુ સરકારી ખર્ચને કારણે શહેરી વિસ્તારોને પાછળ છોડીને દેશનું ગ્રામીણ અર્થતંત્ર આર્થિક વૃદ્ધિના મહત્વના ઉત્પ્રેરક તરીકે ઉભરી આવ્યું છે. ફાઈનાન્સિયલ સર્વિસ કંપની આનંદ રાઠીના એક રિપોર્ટ અનુસાર છેલ્લા ક્વાર્ટર દરમિયાન સરકાર દ્વારા દેશના ગ્રામીણ વિસ્તારોમાં ખર્ચમાં નોંધપાત્ર વૃદ્ધિને કારણે ગ્રોથની દષ્ટિએ ગ્રામીણ ભારતે શહેરી વિસ્તારોને પણ પાછળ રાખી દીધા છે. આગામી મહિનાઓ દરમિયાન પણ ગ્રામીણ અર્થતંત્રમાં ગ્રોથનો ટ્રેન્ડ યથાવત્ રહી શકે છે પરંતુ તેમાં કેટલાક અંશે ઘટાડો નોંધાઈ શકે છે. ચોમાસાની સાનુકૂળ સ્થિતિ તેમજ વાવણીને પગલે ગ્રામીણ માંગને ટેકો મળી રહેશે દેશની મોટા ભાગની વસ્તી હજુ પણ ગ્રામીણ વિસ્તારોમાં રહેતી હોવાથી ગ્રામીણ અર્થતંત્ર દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઈકોનોમિક સરવે ૨૦૨૨-૨૩ અનુસાર દેશની ૬૫% વસ્તી ૨૦૨૧માં ગ્રામીણ વિસ્તારમાં રહેતી હતી. RBI નાણાવર્ષ ૨૦૨૫ માટે ૭.૨%ના આર્થિક વૃદ્ધિદરનું અનુમાન વ્યક્ત કર્યું છે. સરકાર રાજકોષીય ખાધ ઘટાડવા પણ પ્રયાસરત છે.

# ભારતમાં ૪૭૪ મસાલા ખાવા માટે યોગ્ય નથી: રિપોર્ટ

મુંબઈ,તા.૧૯




દેશમાં વેચાતા ૧૨% મસાલા ક્વોલિટી અને સેફ્ટીના માપદંડોને અનુરૂપ નથી. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ દેશમાં વેચાતા મસાલાના કુલ ૪૦૫૪ નમૂનાઓની તપાસ કરી હતી. તેમાંથી ૪૭૪ મસાલા FSSAI અનુસાર ખાવા માટે યોગ્ય નથી. એપ્રિલ-મે ૨૦૨૪માં, સરકારે સિંગાપોર અને હોંગકોંગમાં મસાલાની ગુણવત્તા પર સવાલ અને તેના પર પ્રતિબંધના સમાચારો બાદ FSSAIએ તેમની તપાસ કરવાનો નિર્ણય લીધો હતો. ફૂડ ઓથોરિટી FSSAIએ તેના જવાબમાં જણાવ્યું હતું કે ટેસ્ટિંગ કરાયેલા મસાલામાં બ્રાન્ડ મુજબની વિગતો નથી. પરંતુ તે ક્વોલિટી અને સેફ્ટી ના માપદંડોને પૂર્ણ ન કરતી કંપનીઓ સામે કાર્યવાહી કરી રહી છે. એપ્રિલ ૨૦૨૪ માં, સરકારે હોંગકોંગ અને સિંગાપોરમાં MDH અને એવરેસ્ટ ચાર મસાલા પર પ્રતિબંધ મૂક્યા પછી, ભારત સરકારે હવે ખાદ્ય કમિશનરોને તમામ કંપનીઓના મસાલાના નમૂનાઓ એકત્રિત કરવા કહ્યું હતું. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે બંને કંપનીઓના આ ઉત્પાદનોમાં જંતુનાશક 'ઈથિલિન ઓક્સાઈડ'ની વધુ માત્રાને કારણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે MDH ગ્રુપના ત્રણ મસાલા મિક્સ કરી પાઉડર, સંભાર મસાલા પાવડર અને કરી પાવડરમાં ઈથિલિન ઓક્સાઈડનું વધુ પ્રમાણ જોવા મળ્યું હતું. આ કાર્સિનોજેનિક જંતુનાશક એવરેસ્ટની ફિશ કરી મસાલામાં પણ મળી આવ્યું હતું.ભારત સરકારના સૂત્રોએ ૨૧ મેના રોજ દાવો કર્યો હતો કે સિંગાપોર અને હોંગકોંગમાં કોઈપણ ભારતીય મસાલા પર પ્રતિબંધ નથી. મીડિયાના અહેવાલોને નકારી કાઢતા, એવું કહેવામાં આવ્યું છે કે લોકપ્રિય મસાલા બ્રાન્ડ્સ MDH અને એવરેસ્ટના પ્રોડક્ટની માત્ર થોડી બેચને રિજેક્ટ કરવામાં આવી હતી.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમદાવાદમાં દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ૨૦૦ ઋષિકુમારોએ નવું યજ્ઞોપવીત ધારણ કર્યું

**વિદ્યાર્થીઓએ નવું યજ્ઞોપવીત ધારણ કરી સૂર્યનારાયણની પૂજા સાથે ગાયત્રી મંત્રના ૧,૨૫,૦૦૦ જપ કર્યા**



અમદાવાદ, તા.૧૯

શ્રાવણી પૂર્ણિમાના પવિત્ર દિવસે, અમદાવાદના **SGVP** દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ૨૦૦ ઋષિકુમારોએ પારંપરિક વૈદિક વિધિ અનુસાર પંચગવ્ય સ્નાન કરી નૂતન યજ્ઞોપવીત ધારણ કર્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વહેલી સવારે ઉઠી, સ્નાન અને સંધ્યા બાદ દેહશુદ્ધિ વિધિ અંતર્ગત દશવિધ સ્નાન કર્યું. આ સ્નાનમાં ગાયનું છાણ, ગૌમૂત્ર, વિવિધ પ્રકારની માટી, યજ્ઞની ભસ્મ, ધાન્યનું જળ, સ્વર્ણ જળ, દર્ભજળ તેમજ ઘી, દૂધ અને દહીં જેવા પવિત્ર પદાર્થોનો ઉપયોગ કરવામાં આવ્યો. સ્નાન વિધિ બાદ, વિદ્યાર્થીઓએ નવું યજ્ઞોપવીત ધારણ કર્યું અને સૂર્યનારાયણની પૂજા સાથે ગાયત્રી મંત્રના ૧,૨૫,૦૦૦ જપ કર્યા. ત્યારબાદ તેના દશાંશ એટલે કે ૧૨,૫૦૦ મંત્રો સાથે યજ્ઞમાં આહુતિ આપવામાં આવી. દર્શનમ્ સંસ્કૃત પાઠશાળાના પ્રાધ્યાપક ચિંતનભાઈ જોષી, અજય ગુરુજી અને સત્યનારાયણજીએ આ વૈદિક વિધિનું સંચાલન કર્યું હતું.

# ઉનાના નાઠેજ ગામમાં જુગાર રમતા ૧૯ શખ્સો પકડાયા



ઉના, તા.૧૯

ઉનાના નાઠેજ ગામના કુંભારવાડા વિસ્તારમાં જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન પોલીસે ૧૯ જુગારીઓને ઝડપીને રૂ. ૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નાઠેજ ગામે ઉકા હમીર વાઘ પોતાના મકાનમાં જુગારનો અડ્ડો ચલાવતો હોવાની બાતમી આધારે સ્થળ પર રેડ કરી હતી. જેમાં અડ્ડો ચલાવનાર ઉકા હમીર વાઘ, જાવીદ ઉર્ફે જોન હબીબ શેખ, હુશેન ઉર્ફે પુરી હબીબ શેખ રહે. ના. માંડવી, અનીશા સિકંદર ઝાખરા, હનીફશા હશનશા બેલીમ, નવાઝ રફીક કાસમાણી, સમીર મંહમંદહનીફ મકરાણી રહે. જૂનાગઢ, ઈમ્તાયઝ ઈબ્રાહીમ દલ, વસીમભાઈ અદ્રેમાન ખોજાદા, રજાક સાજીદ સીરાજી, તોસીફ રફીક ખોજજાદા, વસીમ ઉર્ફે ધનો ઈકબાલભાઈ વલીયાણી રહે. ઉના, મહેશ અમરૂ વરૂ રહે. જીકાદ્રી તા-જાફરાબાદ જી. અમરેલી, શબ્બીર નુરમંહમદ મકરાણી રહે. જૂનાગઢ, સહિત ૧૯ જુગારીઓ પાસેથી સાહિત્ય તથા રોકડ રકમ રૂ.૪,૭૧,૧૪૦ તથા મોબાઈલ નંગ-૧૬ આશરે કિંમત રૂ.૨,૧૮,૧૦૦ તથા જુગારના સાહિત્ય સાથે મળી કુલ કિં. રૂ.૬, ૮૯,૭૪૦ ના મુદ્દામાલ સાથે ૧૯ શખ્સોને પકડી પાડ્યા હતા.

# ઉનાના ખાપટ ગામે ગૌશાળામાં શિકાર કરવા આવેલા સિંહ પરિવારને આખલાએ ભગાડ્યો



ઉના, તા.૧૯

ગીર નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં વન્ય પ્રાણીઓ શિકાર માટે અવારનવાર નજીકના સીમ વાડી તેમજ રહેણાંક વિસ્તારોમાં આવતા હોવાની ઘટના સામાન્ય બની ગઈ છે. ગત રાત્રીના સમયે સિંહ પરિવારે ઉનાના ખાપટ ગામે આવેલ ગૌશાળાએ પશુનો શિકાર કરવા પહોંચ્યા હતા. સહેલાઈથી શિકાર મળી રહે તે માટે રાત્રિ દરમિયાન સિંહોએ ગૌશાળામાં પ્રવેશ કર્યો ત્યારે ગૌશાળામાં રહેલ ભલ્લાલ દેવ નામનો નંદી આ પાંચ સિંહોની સામે થયો હતો અને પાંચેય સિંહને ત્યાંથી ખદેડી મુક્યા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

# અમરેલી નાગરિક સહકારી બેંકની ૬૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ







અમરેલી, તા.૧૯

અમરેલી નાગરિક સહકારી બેંક લિ.ની ૫૦મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. બેંકના મેનેજિંગ ડિરેક્ટર દિલીપ ધોરાજીયાએ સભાનું સંચાલન કર્યું હતું. બેંકના ડિરેક્ટર પી.પી. સોજીત્રાએ આપેલા અહેવાલ મુજબ, ૩૧-૦૩-૨૦૨૪ના રોજ બેંકની થાપણ રૂ.૧૭૮૧૨.૭૭ લાખ અને ધિરાણ રૂ.૧૧૩૫૪.૮૦ લાખ થયેલ છે. ચાલુ વર્ષે બેંકે ઈન્કમટેક્સ પ્રોવિઝન પહેલાનો નફો રૂ.૩૩૫.૧૬ લાખ કરેલ છે. બેંક દ્વારા **ICICI Bank Ltd.** ની સાથે ટાઈઅપ કરી **RuPay** પ્લેટફોર્મ દ્વારા **ATM cum Debit Card** ની સેવા શરૂ કરવામાં આવી છે. બેંકના **ATM** કાર્ડ ધારકો અન્ય ૨,૭૩,૦૦૦ **ATM** સેન્ટર ખાતે ઉપયોગ કરી શકે છે. આ કાર્ડ દ્વારા મોબાઈલ, પેટ્રોલપંપ, દુકાનો જેવા સ્થળોએ ૧૦,૦૦,૦૦૦થી વધુ વેપારીઓના **POS** મશીન પર સ્વાઈપ કરી ખરીદી કરી શકાય છે. વધુમાં, બેંક દ્વારા મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન દ્વારા ઓનલાઈન **RTGS, NEFT, IMPS** ની સેવા શરૂ કરવામાં આવેલ છે. તેમજ **SMS** એલર્ટ, નેટબેંકિંગ, ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર જેવી આધુનિક સેવાઓ કાર્યરત કરવામાં આવેલ છે.

બેંકના ગ્રાહકોની સુરક્ષા માટે તમામ માહિતીનું **Online** સંચાલન કરવામાં આવે છે. ગ્રાહકો ૯૦૯૩૧ ૫૧૫૧૫ પર **SMS** મોકલવાથી તેમના ખાતાની માહિતી મેળવી શકે છે. બેંકના મેનેજિંગ ડિરેક્ટર દિલીપ ધોરાજીયાએ જણાવ્યું કે છેલ્લા ૫૦ વર્ષથી સભાસદો, વેપારીઓ, ડિપોઝિટરો, મૂડીરોકાણકારોનો વિશ્વાસ બેંકે જાળવી રાખ્યો છે. બેંક માત્ર બેંકિંગ કામકાજ કરતી સંસ્થા નથી પરંતુ જાહેર જનતાને ઉપયોગી બેંક બની છે અને બેંકની ટીમ સમાજ પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના દર્શાવે છે. આ પ્રસંગે બેંકના ચેરમેન જયેશભાઈ નાકરાણી, વાઈસ ચેરમેન ભાવિનભાઈ સોજીત્રા, મેનેજિંગ ડિરેક્ટર શૈલેષભાઈ સવાણી તથા અન્ય ડિરેક્ટરો અને સમગ્ર સ્ટાફને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ભાવનગર રેલવે મંડળના સતર્ક લોકો પાઈલોટે બચાવ્યા બે સિંહના જીવ

**વન વિભાગના ટ્રેકર ભરતભાઈ અને ભોલાભાઈએ જાણ કરી હતી કે રેલવે ટ્રેક પર બે સિંહ બેઠા છે**

ભાવનગર, તા.૧૯

ભાવનગર રેલવે મંડળના સતર્ક લોકો પાઈલોટની સૂઝબૂઝને કારણે સોમવારે બે સિંહના જીવ બચી ગયા હતા. આ ઘટના પીપાવાવ-રાજુલા સેક્શનમાં બની હતી, જ્યાં એક માલગાડીના લોકો પાઈલોટે સમયસર બ્રેક લગાવીને મોટી દુર્ઘટના ટાળી હતી.

ભાવનગર રેલવે મંડળના સિનિયર ડીસીએમ માશૂક અહમદે જણાવ્યા અનુસાર, સોમવારે સવારે ૫:૩૦ વાગ્યે, લોકો પાઈલોટ વિવેક વર્મા અને સહાયક લોકો પાઈલોટ રાહુલ સોલંકી માલગાડી ચલાવી રહ્યા હતા. તે સમયે, કિલોમીટર ૨૧/૮ પર વન વિભાગના ટ્રેકર દ્વારા લાલ બત્તી બતાવવામાં આવી. લોકો પાઈલોટે તુરંત જ ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને રોકી દીધી હતી.

વન વિભાગના ટ્રેકર ભરતભાઈ અને ભોલાભાઈએ જાણ કરી હતી કે રેલવે ટ્રેક પર બે સિંહ બેઠા છે.

થોડા સમય બાદ, ટ્રેક ક્લિયર થયાનો સંકેત મળતાં ટ્રેનને સાવચેતીપૂર્વક આગળ વધારવામાં આવી હતી.

ભાવનગર રેલવે મંડળના ડિવિઝનલ રેલવે મેનેજર રવીશ કુમાર અને એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર હિમાંશુ શર્માએ લોકો પાઈલોટ્સની આ પ્રશંસનીય કામગીરીની સરાહના કરી હતી.

# કોડીનારમાં જુગાર રમતા પાંચ ઈસમો સર્વેલન્સ સ્કવોડ ટીમની ઝપટે ચડ્યા

**પોલીસે રોકડા રૂ.૧૦,૪૭૦ સાથે ઝડપી પાડ્યા**



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર, તા.૧૯

કોડીનાર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ પોલીસ સ્ટાફ કોડીનાર ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન **ASI** પ્રદિપસિંહ હરીસિંહ તથા હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ વિક્રમસિંહ તથા પોલીસ કોન્સ્ટેબલ વિક્રમભાઈ હમીરભાઈને મળેલી સંયુક્ત બાતમી આધારે કોડીનાર ટાઉનમાં જાહેરમાં જુગાર રમતા ઈસમો ઉપર જુગારની રેડ કરી હતી. ભાવિક ઉર્ફે સંજય આલાભાઈ મેર, મહેન્દ્ર ઉર્ફે મહેશ રામભાઈ વાજા, ઉવેશ ઉર્ફે નવાબ ફારૂકભાઈ માલકાણી, મયુરભાઈ ધીરૂભાઈ મેર તથા લખમણભાઈ મસરીભાઈ મેરને કુલ રોકડા રૂ.૧૦,૪૭૦ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# કોડીનાર કોલેજની વિદ્યાર્થિનીઓ આંતર કોલેજ સ્પર્ધામાં ચેમ્પિયન બની



કોડીનાર, તા.૧૯

જૂનાગઢમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં બહાઉદ્દીન કોલેજ ખાતે યોજાયેલી આંતર કોલેજ પાવર લિફ્ટિંગ અને વેઈટ લિફ્ટિંગ સ્પર્ધામાં કોડિનારની જે.એસ. પરમાર કોલેજની વિદ્યાર્થિનીઓ ચેમ્પિયન બની હતી. જેમાં ઉત્તમ બી. પરમાર ૭૧ કેજી, ભારતી બી. ચૌહાણ ૬૪ કેજી, પ્રજ્ઞા બી. પરમાર ૫૯ કેજી, ભૂમિકા એસ. સોલંકી ૫૫ કેજીમાં પ્રથમ આવી હતી. કોલેજના આચાર્ય તેમજ સ્ટાફગણ દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ઉનાના કાજરડી ગામે જુની પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થિનીઓને ગુડ ટચ, બેડ ટચની સમજ અપાઈ

ઉના, તા.૧૯

ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એન. રાણાની સૂચના અને માર્ગદર્શન અન્વયે શી-ટીમના ઈન્ચાર્જ પો. સબ.ઈન્સ આર.એચ.સુવા તથા **WPC** મનિષાબેન નારણભાઈ તથા **WPC** હિનાબેન કાળુભાઈ અને **PC** ઘુઘાભાઈ લખમણભાઈ વાળાએ કાજરડી ગામે જઈ જુની પ્રાથમિક શાળા ખાતે શી-ટીમની કામગીરી કરવામાં આવી હતી. કાજરડી જુની પ્રાથમિક શાળાના શિક્ષક સ્ટાફ સાથે મળી ધોરણ ૫ થી ૯ સુધીની બાળાઓને પેમ્ફલેટ/બુકલેટ તથા ડેમો લેક્ચર આપી ગુડ ટચ અને બેડ ટચનો સેમિનાર કરી બાળકીઓમાં જાગૃતિ આવે તે હેતુથી ગુડ ટચ અને બેડ ટચ અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કોડીનાર પોલીસે ખોવાયેલા ૧૫ મોબાઈલ, એક બાઈક શોધી કાઢી મૂળ માલિકોને પરત કર્યા



તસવીર : અશોક પાઠક

કોડીનાર, તા.૧૯

કોડીનાર પી.આઈ એન. આર. પટેલની સૂચના તેમજ પીએસઆઈ કે.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ કોડીનાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખોવાયેલા કે, ગુમ થયેલા મોબાઈલ/મોટર સાયકલ બાબતે કોડીનાર ટાઉન બીટના પો. હેડ કોન્સ. એ.પી. જાની તથા પો. કોન્સ. ભગવાનભાઈ જીણાભાઈ તથા ભીખુશા બચુશા તથા હિમતભાઈ આતુભાઈ નાઓએ ટીમવર્કથી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અરજદારોના ખોવાઈ ગયેલ, પડી કે ગુમ થયેલ અલગ અલગ કંપનીઓના મોબાઈલ ફોન નંગ-૧૫ આશરે કિં.રૂ.૨,૫૬,૮૪૦ તથા ૧ મોટર સાયકલ કિં.રૂ.૩૦,૦૦૦ની શોધી કાઢી સદર મોબાઈલ ફોન તથા મોટર સાયકલ જે તે સ્થિતિમાં પરત સોંપી પ્રસંશનીય કામગીરી કરી હતી.

---

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૩૨૦/ ૨૦૨૪

અરજદાર :- શ્રી સોસા કાનજીભાઈ નરશીભાઈ

સરનામું:- રહે. ઝાંઝરડા, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી, ઝાંઝરડા, તા. રાજુલા, જી. અમરેલી

**::નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ઝાંઝરડા ગામના શ્રી સોસા કાનજીભાઈ નરશીભાઈ એ તેમના સંતાનો નામે **સોસા મહિપત કાનજીભાઈ** જન્મ તા.૨૫/૦૮/૨૦૦૬ ના રોજ ઝાંઝરડા મુકામે થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી એન.વી. બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્ર સિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧ માહે ઓગસ્ટ સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૦૧/૦૮/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા**

---

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૩૨૪ ૨૦૨૪

અરજદાર :- શ્રી શિઢા ભીખુભાઈ ભગવાનભાઈ

સરનામું:- રહે. બાબરિયાધાર, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી, બાબરિયાધાર તા. રાજુલા, જી. અમરેલી

**::નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના બાબરિયાધાર ગામના શ્રી શિઢા ભીખુભાઈ ભગવાનભાઈ એ તેમના પિતા નામે **સ્વ.શિઢા ભગવાનભાઈ જેહુરભાઈ** મરણ તા.૨૫/૧૦/૨૦૦૪ ના રોજ બાબરિયાધાર મુકામે થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી એન.વી. બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે .જેની નોંધ લેવી.

આજ તારીખ ૧ માહે ઓગસ્ટ સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૦૧/૦૮/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા**

---

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૩૦૪/૨૦૨૪

અરજદાર :- શ્રી વાઘ નનાભાઈ સાવજભાઈ

સરનામું:- રહે.રામપરા-૨, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી -કમ -મંત્રીશ્રી, રામપરા-૨ તા. રાજુલા, જી. અમરેલી

**::નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી વાઘ નનાભાઈ સાવજભાઈએ તેમના પુત્રો નામે **શ્રી વાઘ વિજયભાઈ નનાભાઈનો જન્મ તા. ૦૧/૦૬/૨૦૦૫** રોજ **રામપરા-૨** તથા **શ્રી વાઘ જગદીશભાઈ નનાભાઈનો જન્મ તા.૦૧/૧૧/૨૦૦૭ રામપરા-૨** મુકામે થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી પ્રવીણ એમ. કાતરીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૮ માહે ઓગસ્ટ સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૦૮/૦૮/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા**

---

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર/૧૯૯/૨૦૨૪

અરજદાર: શ્રી ઉમરભાઈ ઉસ્માનભાઈ નરપાલી
મું.તુર્કી મહોલ્લા, લાઈટ હાઉસ રોડ, તળાવની માથે, મફત પ્લોટ,
જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને ચીફ ઓફીસરશ્રી,
નગરપાલીકા જાફરાબાદ મું. જાફરાબાદ તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના શ્રી ઉમરભાઈ ઉસ્માનભાઈ નરપાલી એ તેમના ભાઈ નામે શ્રી મહેબુબ ઉસ્માન નરપાલી નો જન્મ તા.૦૧/૧૧/૧૯૭૫ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જયસુખ કે. મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. ઓગષ્ટ સને. ૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૬/૦૮/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

### રક્ષાબંધનના તહેવાર પ્રસંગે શાળાની વિદ્યાર્થિનીઓ પીએમ આવાસ પર પહોંચી અને નરેન્દ્ર મોદીના હાથ પર રાખડી બાંધી

# રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતે રક્ષાબંધનની શુભકામના પાઠવી

નવીદિલ્હી, તા.૧૯

દેશભરમાં રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવ્યો છે. આ ખાસ અવસર પર દેશના ઘણા મોટા નેતાઓએ લોકોને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિથી લઈને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ રક્ષાબંધન પર લોકોને ખાસ સંદેશો આપ્યો હતો. આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને રક્ષાબંધનની શુભકામના પાઠવી હતી.







કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રિયંકા ગાંધી સાથે પોતાની એક તસવીર શેર કરી છે. આ રક્ષાનો દોર હંમેશા તમારા પવિત્ર સંબંધને મજબૂતીથી જોડાયેલો રાખે. પ્રિયંકા ગાંધીએ એક્સ પર રાહુલ ગાંધી સાથેની તેમની જૂની તસવીરો પણ શેર કરી અને લખ્યું, ભાઈ-બહેનનો સંબંધ એક ફૂલના પલંગ જેવો છે જેમાં આદર, પ્રેમ અને પરસ્પર સમજણના પાયા પર વિવિધ રંગોની યાદો ઉગે છે. મિત્રતા વધુ ગાઢ બનાવવાનો સંકલ્પ ખીલે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ આ ખાસ અવસર પર દેશવાસીઓને સંદેશ આપ્યો હતો. તેમણે લખ્યું, રક્ષાબંધનના શુભ અવસર પર, હું તમામ દેશવાસીઓને મારા હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ આપું છું. ભાઈઓ અને બહેનો વચ્ચેના પ્રેમ અને પરસ્પર વિશ્વાસની લાગણી પર આધારિત આ તહેવાર તમામ બહેનો અને પુત્રીઓ પ્રત્યે સ્નેહ અને આદરની લાગણીનો સંચાર કરે છે. આ તહેવારના દિવસે હું ઈચ્છું છું કે, તમામ દેશવાસીઓ આપણા સમાજમાં મહિલાઓની સુરક્ષા અને સન્માન સુનિશ્ચિત કરવાની પ્રતિજ્ઞા લે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી સૌ કોઈને શુભકામના પાઠવી હતી. મોદીએ કહ્યું કે, રક્ષાબંધન પર તમામ દેશવાસીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ, આ તહેવાર ભાઈ અને બહેન વચ્ચેના અપાર પ્રેમનું પ્રતીક છે.

રક્ષાબંધનના તહેવાર પ્રસંગે શાળાની વિદ્યાર્થિનીઓ પીએમ આવાસ પર પહોંચી અને નરેન્દ્ર મોદીના હાથ પર રાખડી બાંધી. વિદ્યાર્થિનીઓએ પીએમ મોદીના હાથ પર જે રાખડી બાંધી તેના પર તેમની સ્વર્ગસ્થ માતાનો ફોટો છે. આ ખાસ રાખીના ફોટોમાં પીએમ મોદી પોતાની માતાના પગ ધોતા જોવા મળે છે.



# અજિત પવારની જન સન્માન યાત્રામાં ભાજપના કાર્યકરોએ કાળા વાવટા ફરકાવ્યા

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૯

મહારાષ્ટ્રમાં ચાલી રહેલ રાજકીય ગરમાવા વચ્ચે એક મોટી ઘટના પ્રકાશમાં આવી હતી. ડેપ્યુટી સીએમ અજિત પવારની જન સન્માન યાત્રા દરમિયાન ભાજપના નેતાની આગેવાની હેઠળના પક્ષના કાર્યકરોએ કાળા ઝંડા બતાવ્યા હતા. જુન્નારથી ભાજપના નેતા આશા બુચકેના નેતૃત્વમાં ભાજપના કાર્યકરોના એક જૂથે ડેપ્યુટી સીએમ અજિત પવારને કાળા ઝંડા બતાવ્યા હતા. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત જૂથ)એ દેવેન્દ્ર ફડણવીસને સ્પષ્ટતા કરવાની માંગ કરી કે શું તેઓ તેમના ભાજપના કાર્યકરોના વર્તન સાથે સંમત છે કે નહીં. ભાજપના નેતા આશા બુચકે દાવો કર્યો હતો કે, 'એનસીપી (અજિત જૂથ) આગામી વિધાનસભા ચૂંટણી માટે જુન્નાર બેઠક પર પોતાનો ઉમેદવાર ઉતારવાનો પ્રયાસ કરી રહી છે. તે અમારું ગળું દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેથી અમે આક્રમક વલણ અપનાવ્યું છે.'

જુન્નાર વિધાનસભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ એનસીપી ધારાસભ્ય અતુલ બેનકે કરે છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે, અજિત પવાર અતુલ બેનકેને પ્રોત્સાહન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. નોંધનીય છે કે, આશા બુચકે અગાઉ શિવસેનામાં હતા અને બે વખત વિધાનસભાની ચૂંટણી લડી ચૂક્યા છે, પરંતુ હારનો સામનો કરવો પડ્યો હતો. તે હવે જુન્નારથી વિધાનસભા ચૂંટણીની ટિકિટની આશા રાખી રહ્યા છે. બીજી તરફ એનસીપી (અજિત જૂથ)ના પ્રવક્તા અમોલ મિટકરીએ કહ્યું કે, 'જન સન્માન યાત્રા અમારી પાર્ટીનો સ્વતંત્ર કાર્યક્રમ છે. જે લોકો કાળા ઝંડા બતાવી રહ્યા છે તેઓએ અલગ કાર્યક્રમ યોજવો જોઈએ.

# પં.બંગાળના રાજયપાલે કેન્દ્રીય ગૃહમંત્રીને મળવા માટે સમય માગતા તર્ક-વિતર્ક

(એ.આર.એલ),કોલકતા,તા.૧૯

કોલકાતાની સરકારી આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી મહિલા ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યાના વિરોધમાં દેશના ઘણા ભાગોમાં ઘણા દિવસોથી સતત વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. આ ઘટના બાદ રાજ્યની મમતા સરકારને વિપક્ષની સાથે તેના જ લોકો દ્વારા નિશાન બનાવવામાં આવી રહી છે. આજે પણ આ મુદ્દે દિલ્હીમાં તબીબો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ બળાત્કાર અને હત્યા બાદ આરજી કાર હોસ્પિટલમાં તોડફોડના કેસમાં સતત ધરપકડ કરવામાં આવી રહી છે. તોડફોડના આ કેસમાં વધુ ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૩૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે.





પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી.નડ્ડા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળવા માટે સમય માંગ્યો છે. સમય મળતાં જ તેઓ દિલ્હી જશે. રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે કહ્યું, "બંગાળ મહિલાઓ માટે સુરક્ષિત સ્થળ નથી. બંગાળ મહિલાઓને નિરાશ કરી ચુક્યું છે. સમાજ નહીં, પરંતુ વર્તમાન સરકારે તેની મહિલાઓને નિરાશ કરી છે. બંગાળને તેના પ્રાચીન વૈભવમાં પાછું લાવવું જોઈશે, જ્યાં મહિલાઓનું સમાજમાં સન્માનજનક સ્થાન હતું. મહિલાઓ હવે ગુંડાઓથી ડરે છે. સરકાર આ મુદ્દા પ્રત્યે સંવેદનહીન છે અને સમાજમાં ડરનું વાતાવરણ સર્જાયું છે."

# બે દાયકાથી પ્રધાનમંત્રીને રાખડી બાંધતી પાકિસ્તાની બહેન

ન્યૂ દિલ્હી,તા.૧૯

છેલ્લા બે દાયકાથી નરેન્દ્ર મોદીને રાખડી બાંધતી પાકિસ્તાની મહિલા કમર શેખે ૧૯મી ઓગસ્ટે રક્ષાબંધનના દિવસે નવી દિલ્હીમાં ફરી એકવાર વડાપ્રધાનને રાખડી બાંધી હતી. આ ૩૦મી વખત હશે, જ્યારે તેમણે પીએમ મોદીને રાખડી બાંધી હતી. ૧૯૯૦માં નરેન્દ્ર મોદી સંઘના કાર્યકર હતા ત્યારથી કમર શેખ તેમને રાખડી બાંધે છે. આ સિવાય બાળકીઓ વડાપ્રધાન આવાસ પર ગઈ હતી અને તેમણે PMને રાખડી બાંધી હતી.



આ રાખડી ખાસ પ્રકારે બનાવવામાં આવી હતી, જેમાં 'એક પૈડ મા કે નામ' એવું લખ્યું હતું. રાખડીની વચ્ચે એક ફોટો મૂકવામાં આવ્યો હતો, જેમાં નરેન્દ્ર મોદી તેમનાં માતા હીરા બાના ચરણ ધોઈ રહ્યા હોય એવું દૃશ્ય છે.





# નેપાળના વિદેશ મંત્રી અર્જુ રાણા દેઉબા ભારત મુલાકાતે, એસ.જયશંકર સાથે મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી

નવીદિલ્હી,તા.૧૯

નેપાળના વિદેશ મંત્રી અર્જુ રાણા દેઉબા ૨૨ ઓગસ્ટ દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાતે છે. તે ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરના આમંત્રણ પર અહીં આવ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે દેઉબાની મુલાકાત બંને દેશો વચ્ચેના ગાઢ અને ગાઢ સંબંધોનો પુરાવો છે. દેઉબાએ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે વ્યાપક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. નેપાળના વિદેશ મંત્રીની આ મુલાકાત ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસ્રીની કાઠમંડુની મુલાકાતના એક સપ્તાહ બાદ આવી છે.

નેપાળ ભારતની નેબર ફર્સ્ટ નીતિમાં પ્રાથમિકતા ભાગીદાર છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે આગામી મુલાકાત બંને પક્ષોને દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિની ચર્ચા અને સમીક્ષા કરવાની તક પૂરી પાડશે. તે આપણા સંબંધોને આગળ વધારવામાં પણ મદદ કરશે. જુલાઈમાં કાર્યભાર સંભાળ્યા બાદ નેપાળના વિદેશ મંત્રીની આ પ્રથમ મુલાકાત છે. મુલાકાત પહેલા નેપાળના વિદેશ મંત્રાલયે કહ્યું કે નેપાળ ભારતની નેબર ફર્સ્ટ પોલિસી હેઠળ એક મહત્વપૂર્ણ ભાગીદાર છે. આ મુલાકાતથી બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત થવાની અને દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિની સમીક્ષા થવાની અપેક્ષા છે.

ભારત અને નેપાળ વચ્ચે લાંબા સમયથી વ્યૂહાત્મક સંબંધો છે, જે સહિયારા ઈતિહાસ, ભૂગોળ અને સાંસ્કૃતિક સંબંધો દ્વારા આકાર લે છે. બંને દેશો સુરક્ષાના મામલાઓ પર સહકાર આપે છે, જેમાં ભારત વારંવાર લશ્કરી તાલીમ અને સહાય પૂરી પાડે છે. નેપાળ પણ સરહદ પારના આતંકવાદનો સામનો કરવા અને સરહદ સુરક્ષા વ્યવસ્થાપન માટે સાથે મળીને કામ કરે છે.

# અમેરિકી વિદેશ મંત્રી તેલ અવીવ પહોચ્યા બાદ ઈઝરાયેલે ગાઝા પર હુમલો કર્યો, ૨૪ લોકોના મોત

(એ.આર.એલ),તેલઅવીવ,તા.૧૯

હમાસ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ વાટાઘાટો બુધવારે કૈરોમાં ફરી શરૂ થવાની છે. બુધવાર અને ગુરુવારે ઈજિપ્ત, કતાર અને યુએસ અને ઈઝરાયેલના પ્રતિનિધિમંડળ મંત્રણામાં ભાગ લેશે. અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન પણ મંત્રણાને આગળ વધારવા માટે તેલ અવીવ પહોંચ્યા હતા. યુદ્ધ શરૂ થયા બાદ આ તેમની ઈઝરાયેલની ૧૦મી મુલાકાત છે. આ દરમિયાન ઈઝરાયેલે ગાઝામાં ૪૦ ટાર્ગેટ પર હુમલો કર્યો. જેમાં ૨૪ લોકોના મોત થયા હતા. મૃતકોમાં એક મહિલા અને તેના છ બાળકો પણ સામેલ છે.



ઈઝરાયેલે નાગરિકોને નિશાન બનાવવાનો ઈન્કાર કર્યો છે. એ પણ કહ્યું કે શનિવારે અધિકૃત પશ્ચિમ કાંઠે જેનિનમાં હમાસના બે આતંકવાદીઓ અહમદ અબુ આરા અને રાફેત દાવાસી હવાઈ હુમલામાં માર્યા ગયા હતા. અમેરિકાના વિદેશ મંત્રી તેમની મુલાકાત દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને પણ મળશે. નેતન્યાહુએ કેબિનેટની બેઠકમાં કહ્યું કે ઈઝરાયેલ ગાઝામાં બંધક રાખવામાં આવેલા પોતાના બંધકોને પરત લાવવા માટે વાતચીતમાં વ્યસ્ત છે.

# સ્વીડન, પાકિસ્તાન બાદ હવે ફિલિપાઈન્સમાં મંકીપોક્સનો કેસ

મનીલા,તા.૧૯

મંકીપોક્સ વાયરસ હવે આફ્રિકાની બહાર પણ ઝડપથી ફેલાવા લાગ્યો છે. સ્વીડન અને પાકિસ્તાન બાદ હવે સોમવારે ફિલિપાઈન્સમાં પણ મંકીપોક્સનો કેસ સામે આવ્યો છે. ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર આ વર્ષે ફિલિપાઈન્સમાં મંકીપોક્સનો આ પહેલો કેસ નોંધાયો છે. અગાઉ ડિસેમ્બરમાં પણ આ વાયરસના કેસ જોવા મળ્યા હતા. ફિલિપાઈન્સના આરોગ્ય વિભાગે કહ્યું કે દર્દી તેના દેશની બહાર ક્યાંય ગયો નથી. દર્દીમાં વાયરસનો કયો પ્રકાર જોવા મળ્યો છે તે જાણી શકાયું નથી. અગાઉ, શુક્રવારે (૧૬ ઓગસ્ટ) પાકિસ્તાનમાં મંકીપોક્સના ત્રણ કેસ મળી આવ્યા હતા. ત્રણેય દર્દીઓ યુએઈની યાત્રા કરીને પરત ફર્યા હતા. આ તરફ સ્વીડનમાં ગુરુવારે (૧૫ ઓગસ્ટ) મંકીપોક્સનો કેસ નોંધાયો હતો. આફ્રિકા બાદ આ પહેલો કેસ હતો. અહેવાલો અનુસાર, દર્દીમાં મંકીપોક્સનો ક્લેડ આઈ નવેરિયન્ટ જોવા મળ્યો હતો, જે જીવલેણ છે.



# બિહારમાં ધરણા પર બેઠેલા ૨૬૫ પોલીસ જવાનોની તબિયત લથડી

## પ્રદર્શન કરી રહેલા જવાનો હજુ ટ્રેઈની છે

પટના,તા.૧૯

બિહાર સ્પેશિયલ આર્મ્ડ પોલીસ (BSAP)ના ૯૩૫ પોલીસ જવાન આકરા તડકામાં ધરણાં પર બેઠા છે. જવાનોએ આરોપ લગાવ્યા છે કે તેમને ખરાબ ભોજન આપવામાં આવી રહ્યું છે. ખરેખરમાં રવિવારે નાસ્તામાં પૂરી, જલેબી અને ચણાનું શાક ખાધા બાદ ૨૬૫ પોલીસ જવાનની તબિયત લથડી હતી. ત્યાર બાદ જવાનોને તાત્કાલિક વીરપુર સબ-ડિવિઝનલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર બાદ તમામને રાત્રે ૧ વાગ્યે રજા આપવામાં આવી હતી. આરોપ છે કે ખોરાકમાં સલ્ફાસ ભેળવવામાં આવ્યું હતું, જેના કારણે તબિયત બગડી હતી. રસોડામાં સલ્ફાસનું પેકેટ પણ મળ્યું હતું. જોકે ખોરાકમાં સલ્ફાસના મિશ્રણની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. પ્રદર્શન કરી રહેલા જવાન હજુ પણ ટ્રેઈની પોલીસ જવાન છે. તાલીમ પૂર્ણ થતાંની સાથે જ વિભાગીય પરીક્ષા બાદ તેમાંથી SI બનાવવામાં આવશે.

# હસીના સરકારના પતન પછી ૩૨ પોલીસ સ્ટેશનના વડાઓની બદલી, પોલીસ વિભાગમાં ફેરબદલ

(એ.આર.એલ).ઢાકા,તા.૧૯

બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકારના પતન બાદ પોલીસ વિભાગમાં મોટા પાયે ફેરબદલ કરવામાં આવ્યા હતા. ૧૮ ઈન્ચાર્જ અધિકારીઓની બદલી બાદ ઢાકાના ૩૨ પોલીસ સ્ટેશનના વડાઓની બદલી કરવામાં આવી છે. સોમવારે આ માહિતી આપવામાં આવી હતી. બાંગ્લાદેશ મીડિયા અનુસાર, ટ્રાન્સફરનો ઓર્ડર રવિવારે મધરાતે આપવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન, ઢાકા મેટ્રોપોલિટન પોલીસ હેઠળના તમામ ૫૦ પોલીસ સ્ટેશનના વડાઓની બદલી કરવામાં આવી છે.



તમને જણાવી દઈએ કે ૧૩ ઓગસ્ટે જ ૧૮ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી.

ટ્રાન્સફર કરાયેલા લોકો પાસે તે જ સત્તાઓ નહીં હોય જે તેમની પાસે વડા તરીકે હતી. આ અધિકારીઓને દેશભરના તાલીમ કેન્દ્રોમાં મોકલવામાં આવ્યા છે, જ્યાં તેમને પોલીસ કર્મચારીઓને

**આ અધિકારીઓને દેશભરના તાલીમ કેન્દ્રોમાં મોકલવામાં આવ્યા**

તાલીમ આપવાનું કામ સોંપવામાં આવ્યું છે. અન્ય અધિકારીઓની ટુરિસ્ટ પોલીસ, આર્મ્ડ પોલીસ બટાલિયન અથવા ઈન્ડસ્ટ્રીયલ પોલીસમાં બદલી કરવામાં આવી છે. ૫ ઓગસ્ટે શેખ હસીનાના રાજીનામા બાદ જ તમામ સ્તરે તમામ પોલીસમાં ફેરબદલ જોવા મળ્યો હતો

# ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેન ભાજપમાં જોડાય તેવી સંભાવના

રાંચી,તા.૧૯

ઝારખંડના પૂર્વ સીએમ ચંપાઈ સોરેને રવિવારે JMM છોડવાનો સંકેત આપ્યો હતો. પરંતુ, તે આગળ શું કરશે તે હજુ સ્પષ્ટ નથી. રવિવારે સાંજે તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે 'JMMમાં મારું અપમાન થયું છે. જ્યારે હું સીએમ હતો ત્યારે હું વધુ સારું કામ કરતો હતો. મને દૂર કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી હોવા છતાં મને કાર્યક્રમમાંથી દૂર કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય દળની બેઠકમાં મારું રાજીનામું માંગવામાં આવ્યું હતું. ચંપાઈએ પોતાના પત્રમાં એમ પણ લખ્યું કે, 'મારા જીવનનો એક નવો અધ્યાય આજથી શરૂ થવા જઈ રહ્યો છે. મારી પાસે આમાં ત્રણ વિકલ્પો છે. પ્રથમ, રાજકારણમાંથી નિવૃત્તિ લો, બીજું, તમારું પોતાનું સંગઠન બનાવો અને ત્રીજું, જો તમને આ માર્ગ પર કોઈ સાથી મળે તો તેની સાથે આગળની યાત્રા કરો. જો કે તેમનું આગળનું પગલું શું હશે અથવા તેઓ કઈ પાર્ટીમાં જોડાશે. તે સાફ કરવામાં આવ્યું નથી. જો કે તે ભાજપમાં જોડાશે તેવી અટકળો તેજ થઈ છે.



# કોસ્ટ ગાર્ડના ડીજીનું હાર્ટ એટેકથી નિધન, રક્ષામંત્રી રાજનાથ સિંહે શોક વ્યક્ત કર્યો

(એ.આર.એલ),ચેન્નાઈ,તા.૧૯

ભારતીય કોસ્ટ ગાર્ડના મહાનિર્દેશક રાકેશ પાલનું રવિવારે હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું. રાકેશ પાલે તામિલનાડુના ચેન્નાઈની એક હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. ભારતીય કોસ્ટ ગાર્ડ ઓફિસરે આ જાણકારી આપી છે. આ દુઃખદ ઘટનાને લઈ કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને તમિલનાડુના મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિને ભારતીય કોસ્ટ ગાર્ડના મહાનિર્દેશકના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેણે કહ્યું કે તે એક સક્ષમ અને પ્રતિબદ્ધ અધિકારી છે. તે જ સમયે, તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને પણ રાકેશ પાલના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ વ્યક્તિગત રીતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. રાજનાથ સિંહે ભારતીય કોસ્ટ ગાર્ડના ડાયરેક્ટર જનરલ રાકેશ પાલના નિધન પર તેમના સત્તાવાર એક્સ એકાઉન્ટ પર એક પોસ્ટ દ્વારા શોક વ્યક્ત કર્યો હતો. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, 'ભારતીય કોસ્ટ ગાર્ડના મહાનિર્દેશક રાકેશ પાલના અકાળે નિધનથી ખૂબ જ દુઃખી છું.



### વડોદરા જિલ્લામાં મનરેગા યોજનામાં મસમોટું કૌભાંડ સામે આવ્યું

# મૃતક સહિત ગામના ૫૦ લોકોના નામે જોબકાર્ડ બનાવીને પૈસા પડાવી લીધા

વડોદરા,તા.૧૯

વડોદરા જિલ્લામાં મનરેગા યોજનામાં મસમોટું કૌભાંડ સામે આવ્યું છે. સમસાબાદ ગામમાં મૃતક સહિતના ૫૦ લોકોના નામે જોબકાર્ડ બનાવવામાં આવ્યા અને તેમના ખાતામાં જે પૈસા આવ્યા તે બારોબાર ઉપાડી લેવામાં આવ્યા. હદ તો ત્યારે થઈ જ્યારે બે વર્ષ પહેલા મૃત્યુ પામેલા ગંગાબેન પાટણવાડિયાનું આ કૌભાંડીઓએ જોબકાર્ડ બનાવ્યું. કાગળ પર ૭૫ દિવસની હાજરી બતાવી કામ બતાવ્યું અને પછી જે પૈસા મળ્યા એ ઉપાડી લીધા. આ રીતે ૧૭ હજાર ૯૨૫ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા. આવી જ રીતે ૫૦ -૫૦ લોકો, જેમણે કામ કર્યું છે પરંતુ આજ દિવસ સુધી તેમને જોબકાર્ડ કે એટીએમ કાર્ડ નથી આપવામાં આવ્યા.

ગામનું તળાવ ઊંડું કરી માટી સ્મશાનો, મંદિર તેમજ વણકર વાસમાં નાખવાની હતી. ગામના જ તત્કાલીન તલાટી ઊર્મિલાબેન શાહ, સરપંચ કિશન રાઠોડે ગામના ૫૦ લોકોની યાદી બનાવી જોબકાર્ડ બનાવ્યા હતા, જેમાં મૃતક ગંગાબેનનું પણ જોબકાર્ડ બન્યું હતું. જે બાદ કૌભાંડીઓ ગંગાબેનના અશિક્ષિત પુત્ર પાસેથી જોબકાર્ડ અને એટીએમ કાર્ડ અધિકારીને બતાવવાનું છે એમ કહી લઇ ગયા હતા. ત્યારે ગંગાબેનના ખાતામાંથી ATM કાર્ડથી રૂપિયા ઉપાડી જતાં સમગ્ર



કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો.

મોટી વાત એ છે કે, આ તમામ લોકોએ કામ સુજલામ સુફલામ યોજનામાં કર્યું અને આ કૌભાંડીયાઓએ મળીને તમામ કામ મનરેગા યોજનામાં બતાવ્યા. આ વાતનો ખુલાસો ખુદ સરપંચે કર્યો છે. જો કે, ફરિયાદ છતાં સરપંચ ફરાર છે. વરણામાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતાં તપાસ શરૂ થઈ છે. આ કૌભાંડમાં મોટા માથાઓની સંડોવણીની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પરંતુ સૌથી મોટી હકીકત એ છે કે, આ ગરીબ શ્રમિકોએ કામ કર્યું અને તેમના હકના પૈસા માલેતુજાર અધિકારીઓ ખાઈ ગયા. કૌભાંડનો ખુલાસો થતા તાલુકા વિકાસ અધિકારી માધુરીબેન પટેલની સરકારે બદલી કરી દીધી છે. સરકારે ટીડીઓ સહિત ત્રણ કર્મચારીઓની બદલી કરી દીધી છે. ટીડીઓ માધુરીબેન પટેલ સામે કૌભાંડીઓને બચાવવાના આરોપો લાગ્યા છે. કૌભાંડીઓ સામે કાર્યવાહી કરવાના બદલે ટીડીઓ, સરપંચ અને તલાટીએ મળી ફરિયાદીને રૂપિયા પરત કરવાની નોટિસ કરી, શંકાના દાયરામાં રહેલા ટીડીઓ માધુરીબેન પટેલને જ ફરિયાદી બનાવતાં અનેક સવાલો ઉઠ્યા છે. અને મોટી વાત એ છે કે ટીડીઓની બદલી કરાઈ પણ સસ્પેન્ડ ન કર્યા. આ કૌભાંડ પર સમસાબાદના ડેપ્યુટી સરપંચે નિવેદન આપ્યું છે. તેમનો દાવો છે કે, તેઓ કૌભાંડ વિશે કાંઈ જાણતા નથી.

# રક્ષાબંધનના દિવસે મુખ્યમંત્રી નિવાસસ્થાને અનેક બહેનોએ ભૂપેન્દ્ર પટેલને રાખડી બાંધી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રી નિવાસસ્થાને પણ રક્ષાબંધનની ભવ્ય રીતે ઉજવણી થઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અનેક બહેનોએ રક્ષા સૂત્ર બાંધ્યુ હતું. આ તમામ બહેનોએ પોતાના ભાઇ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. ગાંધીનગરમાં આવેલા મુખ્યમંત્રીના નિવાસસ્થાને રક્ષાબંધનની જોરશોરથી ઉજવણી કરવામાં આવી. અનેક બહેનો મુખ્યમંત્રી નિવાસસ્થાને



વહેલી સવારથી જ પહોંચી ગઇ હતી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને તેમણે રાખડી બાંધી હતી. તો મુખ્યમંત્રીએ પણ સૌ કોઇને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ભાજપની મહિલા નેતાઓએ પણ મુખ્યમંત્રીને રક્ષા સુત્ર બાંધ્યુ હતું.

રક્ષાબંધન એટલે ભાઈ અને બહેનના હેતનું પવિત્ર બંધન. વતનથી દૂર નડાબેટ બોર્ડર પર ફરજ બજાવતા દેશના જવાનોને રક્ષાબંધન પર્વે પોતાની બહેનની કમી ન લાગે તે માટે ધાનેરાની કોલેજની વિદ્યાર્થિનીઓએ તેમની બહેન બની તેમને રાખડી બાંધી છે. ધાનેરાની સૂર્યોદય આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની ૧૨૦ જેટલી વિદ્યાર્થિની નડાબેટમાં આવેલા ઝીરો પોઈન્ટ પર પહોંચી હતી અને બીએસએફના જવાનો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

# રાજ્યની જેલોમાં કેદીઓને બહેનોએ રાખડી બાંધતા સર્જાયા ભાવુક દ્રશ્યો

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૯

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધનનું હિંદુ ધર્મમાં ખાસ મહત્ત્વ રહેલું છે. આ તહેવાર ભાઈ-બહેનોના પ્રેમનું પ્રતિક છે. ત્યારે ૧૯મી ઑગસ્ટે રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી થઈ હતી. તો બીજી તરફ અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલ, સુરત લાજપોર મધ્યસ્થ જેલ, રાજકોટ મધ્યસ્થ જેલ અને વડોદરા મધ્યસ્થ જેલમાં ભાઈ બેનના પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં



આવી હતી. આ દરમિયાન બહેનોએ કેદીઓને રાખડી બાંધતા જેલોમાં ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા.

અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલમાં પણ રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. જેલમાં બંદીવાન કેદીઓને તેમની બહેનો રાખડી બાંધી શકે તે માટે જેલ પ્રશાસન દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. વર્ષોથી જેલમાં બંધ કેદીઓને રાખડી બાંધવા માટે તેમની બહેનો જેલ પર પહોંચી ત્યારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. સુરત લાજપોર મધ્યસ્થ જેલની અંદર યોજાયેલી રક્ષાબંધનના પર્વની ઉજવણી દરમિયાન ખૂબ જ લાગણીસભર અને હૃદય સ્પર્શી દ્રશ્યો સર્જાયા હતા. બહેનોએ જ્યારે ભાઈને રાખડી બાંધી ત્યારે ભાઈ અને બહેન ચોધાર આંસુએ રડી પડ્યા હતા.

# કેન્દ્રીય પ્રધાન નિતિન ગડકરીના હસ્તે સુમુલ ડેરીને શ્રેષ્ઠ ડેરીનો મળ્યો એવોર્ડ

સુરત,તા.૧૯

સુરતની સુમુલ ડેરીને શ્રેષ્ઠ ડેરીનો એવોર્ડ અપાયો છે. ઈન્ડિયન ડેરી એસોસિએશન દ્વારા એવોર્ડ અપાયો છે. કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીના હસ્તે એવોર્ડ અપાયો છે. અઢી લાખ પશુપાલકો દૂધ ઉત્પાદન થકી રોજગાર મેળવે છે. પશુપાલકો દરરોજ ૧૨ કરોડ રૂપિયાની આવક મેળવે છે.

ઈન્ડિયન ડેરી એસોસિએશન દ્વારા નવી પારડી યુનિટમાં ઉપયોગમાં લેવાતી શ્રેષ્ઠ આધુનિક ટેકનોલોજીના ઉપયોગની



સરાહનીય કામગીરીને બિરદાવવામાં આવી છે. આખા દેશમાં શ્રેષ્ઠ યુનિટ તરીકે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. સુમુલ ડેરી દ્વારા સમયના પ્રવાહની સાથે ટેકનોલોજીમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે અને તેનું પરિણામ પણ સારું આવી રહ્યું છે.

# અગ્નિકાંડના આરોપી સાગઠિયાને જેલમાં બહેન ચીઠ્ઠી આપતા પકડાઈ

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૯

ચોર ચોરી સે જાયે, પર હેરાફેરી સે ન જાયે તે કહેવત સાગઠિયા પર બિલકુલ બંધ બેસતી લાગે છે. ટીઆરપી મોલ કાંડમાં સસ્પેન્ડ કરવામાં આવેલા રાજકોટના ટીપીઓ સાગઠિયાનું વધુ એક કરતૂત સામે આવ્યું છે. રક્ષાબંધનની રાખડી બાંધવા માટે સાગઠિયાને જેલમાં મળવા માટે તેની બહેન આવી હતી. તેની બહેને અચાનક જ સાગઠિયાને ચિઠ્ઠી આપી હતી, પણ સાગઠિયાની બહેનની ચાલાકી જેલની પોલીસની નજરમાં આવી ગઈ હતી. પોલીસે તરત જ આ ચિઠ્ઠી તેમના કબ્જામાં લઈ લીધી હતી. આ ચિઠ્ઠી હવે જેલના તંત્રના કબ્જામાં છે. જો કે જેલના તંત્રએ શું લખ્યું હતું તેની માહિતી આપી નથી તેના લીધે રહસ્યના અનેક વમળો સર્જાયા છે. આના પરથી તે સંભાવના પ્રબળ બની છે કે સાગઠિયા જેલની અંદરથી પણ સેટિંગની ગતિવિધિઓ કરે છે. હાલમાં તો જેલના તંત્ર પાસે સાગઠિયાની આ ચિઠ્ઠી પકડાઈ છે.

# અમદાવાદના ડોક્ટર સાથે બોલાચાલી થતા દર્દીના સગાઓએ હુમલો કર્યો

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૯

કોલકાતામાં મહિલા ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યાના પડઘા શમ્યા નથી અને ડોક્ટરોએ આખા દેશમાં આંદોલન કર્યુ છે તેની વચ્ચે અમદાવાદમાં જ ડોક્ટર પર હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલો દર્દીના સગાઓએ કર્યો છે. અમદાવાદના મણિનગરમાં આવેલી એલજી હોસ્પિટલમાં દર્દીઓએ રેસિડેન્ટ ડોક્ટર સાથે બોલાચાલી કરી મારામારી કરી હોવાની ઘટના



બની છે. આ ઘટનામાં દર્દીના કુટુંબીજનોએ સારવાર બાબતે ઉગ્ર બોલાચાલી કરી રેસિડન્ટ ડોક્ટરનું ગળું દબાવી દીધું હતું. જોકે બહાર હાજર સિક્યોરિટી સ્ટાફ દ્વારા તાત્કાલિક ધોરણે ડોક્ટરને છોડાવવામાં આવ્યા હતા. આ ઘટના બાદ રેસિડન્ટ ડોક્ટરો ઈમર્જન્સી સારવારથી પણ અળગા રહ્યા હતા. જોકે સુપરિન્ટેન્ડન્ટ સહિતના ડોક્ટરો દ્વારા તેમને સમજાવવામાં આવતાં ફરીથી કામગીરી શરૂ કરી હતી. એલજી હોસ્પિટલનાં સુપરિન્ટેન્ડન્ટ ડો. લીનાએ જણાવ્યું હતું કે ઈમર્જન્સીમાં વહેલી સવારે એક દર્દીને સારવાર માટે લાવવામાં આવ્યો હતો.

# ચાર ગુજરાતીઓ નકલી પાસપોર્ટથી યુએસ જતા ઝડપાયા : તપાસ શરૂ

મહેસાણા,તા.૧૯

અમેરિકામાં ડિંગુચા પરિવાર સાથે થયેલી ઘટના બાદ પણ ગુજરાતીઓની વિદેશ જવાની ઘેલછા જાણે બંધ થવાનું નામ નથી લઈ રહી. વિદેશ જવાની લાલચમાં ગેરકાયદેસર રીતનો ઉપયોગ કરવામાં જાણે લોકોને ડર જ રહ્યો નથી. ફરી એકવાર નકલી પાસપોર્ટથી યુએસ જતા ચાર ગુજરાતી ઝડપાયા છે. ગેરકાયદેસર રીતે વિદેશ જઈ રહેલા બે મહિલા, એક વરિષ્ઠ નાગરિક, એક તરુણ સહિત ચાર લોકોને ઝડપી લેવામાં આવ્યા છે. તાંઝાનિયામાં ચારની પૂછપરછ બાદ નકલી પાસપોર્ટનો ઘટસ્ફોટ થયો છે. ચારમાંથી ત્રણની પાસેથી બે-બે પાસપોર્ટ મળી આવ્યા છે. ગીતા ચૌધરી, ભારતી ચૌધરી, અંશ ચૌધરી પાસેથી નકલી પાસપોર્ટ મળી આવ્યા છે. આરોપીઓ અસલી પાસપોર્ટ પર તાંઝાનિયા પહોંચ્યા હતા. જે પછી આરોપીઓનો તાંઝાનિયાથી નકલી પાસપોર્ટ પર યુએસ જવાનો કારસો હતો.

રમેશ ઠાકોર નામનો શખ્સ હેન્ડલર તરીકે કામ કરતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. પકડાયેલા ચારેયને તાંઝાનિયાથી મુંબઈ ડિપોર્ટ કરવામાં આવ્યા હતા.

# દક્ષિણ ગુજરાતમાં આજથી ભારે વરસાદ, અન્યત્ર ઝાપટાની આગાહી

સુરત,તા.૧૯

હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ ગુજરાતમાં હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે, એવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી ૨૪ કલાક બાદ, એટલે કે આવતીકાલથી (૨૦ ઓગસ્ટ) દક્ષિણ ગુજરાતના



કેટલાક જિલ્લાઓના ભારે વરસાદની શક્યતા છે. એમાં ૨૦ અને ૨૧ ઓગસ્ટના રોજ તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર વરસાદી ઝાપટા વરસી શકે છે. હાલમાં ગુજરાતમાં જરૂરિયાત કરતાં ત્રણ ટકા વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં એક જૂનથી લઈને અત્યારસુધીમાં ૧૯% વધુ વરસાદ નોંધાયો છે. તો ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં જરૂરિયાત કરતા ૯% ઓછો વરસાદ થવાથી વરસાદની ઘટ સર્જાઈ છે.

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/– થી ૮,૫૦૦/–
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/– થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

# સુરતમાં ફરી વીઆર મોલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ તંત્ર દોડતું થયું

સુરત,તા.૧૯

સુરતના વીઆર મોલને ફરી એકવાર મેઈલથી ધમકી મળી છે. થોડા દિવસ અગાઉ પણ પીપલોદ રોડ ઉપર આવેલા વીઆર મોલને ઉડાવી દેવાની ઈમેલથી ધમકી મળી હતી. જ્યારે રક્ષાબંધનના તહેવાર પર ફરી એક વખત મોલને ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. એસઓજી અને પીસીબીની ટીમ સહિત અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ વીઆર મોલ ખાતે



પહોંચી ગઈ હતી. ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડની મદદ લેવાઈ હતી. ડીસીપી રાકેશ બારોટે જણાવ્યું હતું કે, આગળ પણ જે પ્રકારનો મેઈલ થોડા સમય પહેલા આવ્યો હતો, એ જ પ્રકારનો મેઈલ ૩ વાગ્યા બાદ આવ્યો હતો. જેમાં એક્સપ્લોઝિવ મૂકીને મોલને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ગઈ વખતે પણ ૭૪ જેટલા લોકેશનનો ઉલ્લેખ હતો. આ વખતે પણ મેઈલમાં એ જ પ્રકારના લોકેશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આખો મોલ ખાલી કરી દેવાયો અને થિયેટર પણ ખાલી કરી દેવામાં આવ્યા. ડોગ સ્કવોડ સહિતની ટીમ કામે લાગી ગઈ હતી.

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસડકોલ કરો અને SMS થી ભાવ જાણો.
તેમજ Whatsapp DP માં ભાવ જુઓ.